ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

WhatsApp QR SCANNER

વ્હોટ્સ એપ ગ્રુપમાં જોડાવા કોડ સ્કેન કરો...

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૧ અંક : ૩૧૦ તા.૧૨.૦૭.૨૦૨૪, શુક્રવાર પાના: ૬ કિંમત: રૂ.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 310 Dt. 12-07-2024, Friday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

સુવિચાર

વ્યક્તિએ ક્યારેય તકની રાહ જોવી જોઈએ નહીં, કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે!

આંધ્રપ્રદેશ ખુશ : ૬૦ હજાર કરોડની યોજનાને લીલીઝંડી, હવે બિહારનો વારો

ચુંટણી પરિણામો બાદ કેન્દ્ર સરકાર માટે મહત્વના બનેલા બે રાજ્યોમાં સરકાર વિશેષ ધ્યાન આપશે તેવી વાતો વચ્ચે બિહારે વિશેષ રાજ્યના દરજ્જાની માંગ કરી હતી. ત્યારે કેન્દ્રની મોદી સરકારે આંધ્રપ્રદેશ માટે ૬૦ હજાર કરોડની યોજનાને લીલીઝંડી આપી છે. આ સાથે બિહારના ૩ મંત્રીએ વિશેષ રાજ્યના દરજ્જાની માંગ કરી છે જેથી બિહાર વિકાસમાં ટોપ પર પહોંચે

નવી દિલ્હી, તા.૧૧

ચુંટણી પરિણામો બાદ સરકાર બનાવવામાં મહત્વની ભુમીકા ભજવનાર બે રાજ્ય આંધ્રપ્રદેશ તથા બિહાર માટે સરકાર વિશેષ ધ્યાન આપે તેવી માંગણી પણ કરાઇ હતી અને તેની શક્યતા પણ વ્યક્ત કરાઇ હતી ત્યારે એક મહત્વના સમાચાર એ સામે આવ્યા છે. કે કેન્દ્રની મોદી સરકારે ૬૦ હજાર કરોડની યોજનાને મંજુરી આપી છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બેઠકને માત્ર ૫ દિવસ જ થયા છે, ત્યાજ કેન્દ્ર સરકારે આંધ્ર પ્રદેશમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઓઇલ રિફાઇનરી અને પેટ્રો-કેમિકલ હબ સ્થાપવાની મુખ્ય માગણી સ્વીકારી છે. ચંદ્રબાબુ નાયડુ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ટોચના અધિકારીઓને પણ મળ્યા હતા અને રાજ્યમાં રિફાઇનરી સ્થાપવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી.અહેવાલો અનુસાર, ઓઈલ રિફાઈનરી લઈને ત્રણ સ્થળો અંગે ચર્ચા થઈ છે. શ્રીકાકુલમ, માછલી પટ્ટનમ અને રામાય પટ્ટનમનો સમાવેશ થાય છે. ૨૩મી જુલાઈએ રજુ થનારા બેજેટમાં રિફાઈનરી અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે. સૂત્રોના જાણાવ્યાનુસાર, સ્થાનોનું મૂલ્યાંકન કરવામાં આવશે અને પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ પ્રક્રિયામાં ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગશે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ માટે આ એક મોટી જીત છે. કારણ કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી સાથેની બેઠક દરમિયાન રિફાઇનરી

શરૂ કરવા પર આગ્રહ કર્યો હતો. તેમના ૧૬ સાંસદો ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારને સમર્થન આપે છે. જો કે, નાયડુ સ્પષ્ટપણે સતત કહી રહ્યા છે કે તેઓ તેમના રાજ્યના હિતોને ધ્યાનમાં રાખે છે અને કોઈપણ માંગ સાથે સરકારને તોડી પાડશે નહીં. બીપીસીએલ અને પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આ સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યમં ચંદ્રબાબુ નાયડુએ સોસીયલ મીડિયા પર લખ્યું, હતુ કે 'દેશના પૂર્વ કિનારે વ્યૂહાત્મક રીતે સ્થિત અમારું રાજ્ય નોંધપાત્ર પેટ્રોકેમિકલ ક્ષમતા ધરાવે છે. આજે હું ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કૃષ્ણ કુમારના નેતૃત્વમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ ના પ્રતિનિધિઓને મળ્યો. અમે ૬૦થી ૭૦ હજાર કરોડ રૂપિયાના રોકારણ સાથે આંધ્ર પ્રદેશમાં ઓઇલ રિફાઇનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સની સ્થાપનાની સંભાવના છે. મેં આ પ્રોજેક્ટ માટે વિગતવાર યોજના સાથેનો અહેવાલ માંગ્યો છે, જેને કોઈપણ સમસ્યા વિના પૂર્ણ કરવા માટે ૫૦૦૦ એકર જમીનની જરૂર પડશે.'હવે લોકોની નજર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર છે. કારણ કે કેન્દ્ર સરકારમાં તેમની પણ મહત્ત્વની ભૂમિકા છે.

બિહારની પણ વિશેષ રાજ્યના દરજ્જાની માંગ

જે રીતે શરૂઆતથી બે રાજ્યોની વિશેષ દરજ્જાની માંગ કરાઇ રહી છે ત્યારે ચંદ્રાબાબુને જે રીતે કેન્દ્ર તરફથી ભેટ મળી છે તે રીતે બિહારના ત્રણ મંત્રીઓએ કેન્દ્ર સરકાર પાસે વિશેષ રાજ્યના દરજ્જાની માંગ કરી છે. બિહારના ત્રણ દિગ્ગજ નેતાઓએ વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગણીઓ કરી છે.જેમાં કહ્યુ છે કે જો બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપશો તો બિહાર ટોચના રાજ્યો સુધી પહોંચી શકશે. આ ઉપરાંત અન્ય એક નેતાએ તો દરજ્જાની સાથે વિશેષ સહાયની પણ માંગ કરી છે.જનતા દળ યુનાઈટેડ ના દિગ્ગજ નેતા અને બિહાર સરકારના મંત્રી અશોક ચૌધરી એ પટણામાં પ્રેસ કોન્ફરન્સ યોજી પાર્ટીની જૂની માંગોની યાદ અપ ાવી હતી. તેમણે કહ્યું કે, 'અમે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ શરૂઆતથી જ કરી રહ્યા છીએ. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવામાં કોઈ મુશ્કેલી ન થવી જોઈએ. અમારી પાસે અહીં ખાણો કે દરિયાકિનારા નથી, તેથી તે બિહારનો દોષ નથી. કોઈપણ રાજ્યમાં સોનાની ખાણ હોય તો તે ન તો સરકારની અને ન તો પ્રજાની સિદ્ધિ છે. આપણે નસીબદાર રાજ્ય નથી. બિહારને વિશેષ દરજ્જો મળવો જોઈએ.'બીજીતરફ હિન્દુસ્તાની આવામ મોરચાએ ના વડા જીતન રામ માંઝી, બિહાર સરકારના મંત્રી સંતોષ સુમન એ પણ કહ્યું કે, 'બિહારના વિશેષ રાજ્યના દરજ્જાની જરૂર છે. કેન્દ્રીય સહાય પણ મળવી જોઈએ જો કેન્દ્ર સરકાર દ્વારા સહાય મળશે તો બિહાર પણ અગ્રણી રાજ્યોમાં આવી શકશે.'આ નેતાઓના વલણો પરથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, એનડીએના સાથી પક્ષો પોતાની માંગ દિલ્હી સુધી પહોંચાડવા માટેની કવાયત શરૂ કરી દીધી છે.

કઠુઆમાં સર્જિકલ ઓપરેશન માટે પેરા કમાન્ડો જંગલમાં ઉતર્યા

પોતાના પાંચ સાથીઓના બલિદાનનો બદલો લેવા માટે કઠુઆ જિલ્લાના બિલવરના બડનોટામાં ભારતીય સેનાનું સર્ચ ઓપરેશન પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગુરુવારે, જમ્મુ અને કાશ્મીરના ડીજીપી આરઆર સ્વેન, પંજાબના ડીજીપી અને સેના અને ગુપ્તચર એજન્સીઓના ટોચના અધિકારીઓ બેઠક માટે જિલ્લા પોલીસ લાઈન કઠુઆ પહોંચ્યા હતાં. સૂત્રો નું કહેવું છે કે એજન્સીઓ પોતાની વચ્ચે તાલમેલ મજબૂત કરવા માટે આ બેઠક યોજી છે. કઠુઆમાં આતંકવાદી હુમલા રોકવા અને અમરનાથ યાત્રાની સુરક્ષા પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક બાદ ગૃહ અને સંરક્ષણ મંત્રાલયને રિપોર્ટ મોકલવામાં આવશે. બીજી તરફ પોલીસે ટ્રેક્ટર ચાલક સહિત ૨૩ શંકાસ્પદ લોકોની પૂછપરછ માટે અટકાયત કરી છે. સર્જિકલ ઓપરેશન માટે સેનાના પેરા કમાન્ડોને જંગલમાં તૈનાત કરવામાં આવ્યા છે. હેલિકોપ્ટર અને ડ્રોનની પણ મદદ લેવામાં આવી રહી છે. આ પહેલા બુધવારે વેસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર ખટ્યાર પણ મચ્છેડી પહોંચ્યા હતા અને ઘટના સ્થળ અને ઓપરેશનની સમીક્ષા કરી હતી. આતંકવાદીઓને ખતમ કરવા માટે સુરક્ષા દળોએ બુધવારે ત્રીજા દિવસે પણ મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. ખરાબ હવામાન અને ભૌગોલિક પડકારો હોવા છતાં, સુરક્ષા દળો ગતિશીલ રહ્યા. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર કઠુઆની સાથે ઉધમપુર અને ડોડા જિલ્લાની સરહદે આવેલા જંગલોમાં પણ શોધખોળ કરવામાં આવી રહી છે. સેનાના વરિષ્ઠ અધિકારીઓ સતત નજર રાખી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બુધવારે હુમલાના સમયે સૈન્ય કાફલાથી આગળ જઈ રહેલા ટ્રેક્ટર-ટ્રોલી ડ્રાઈવરની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

યુનાઇટેડ કિસાન મોરચા કેન્દ્ર સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરશે

ખેડૂતો આજે પણ પોતાની માંગણીઓ સાથે સરકાર સામે મક્કમતાથી ઉભા છે. વર્ષ ૨૦૨૦ માં શરૂ થયેલી અને એક વર્ષથી વધુ સમય સુધી દિલ્હીની સરહદો પર ચાલુ રહેલું આંદોલન ફરી એકવાર શરૂ થઈ શકે છે. હકીકતમાં, યુનાઇટેડ કિસાન મોરચાએ તેની એક જનરલ બોડીની બેઠક માં આંદોલન સાથે સંબંધિત નિર્ણય લીધો છે. આ બેઠકમાં ઘણા રાજ્યોના ખેડૂતોએ ભાગ લીધો હતો અને તે બેઠકમાં આંદોલન અને ખેડૂતોની માંગણીઓ અંગે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. યુનાઈટેડ કિસાન મોરચાએ તેની જનરલ બોડીની બેઠક બોલાવી હતી જેમાં ૧૭ રાજ્યોના ખેડૂતોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ખેડૂતોની માંગણીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને નિર્ણય લેવામાં આવ્યો છે કે ૧૬ થી ૧૮ જુલાઈ સુધી ખેડૂતોની માંગણીઓનું મેમોરેન્ડમ વડાપ્રધાન, વિપક્ષના નેતા અને તમામ સાંસદોને સુપરત કરવામાં આવશે. આ મેમોરેન્ડમમાં એમએસપી કાયદો રોકવા, લોન માફી, પાક વીમો, ખેડૂતોનું પેન્શન, વીજળીનું ખાનગીકરણ તેમજ સિંધુ અને ટિકરી સરહદ પર શહીદ ખેડૂતોનું સ્મારક બનાવવાની માંગણી કરવામાં આવશે. આટલું જ નહીં ખેડૂતોની એક માંગ છે કે ભારત-પાકિસ્તાન રોડ વેપાર ફરી ખોલવો જોઈએ.

નીટ પેપર લીક : માસ્ટર માઈન્ડ રોકીની ધરપકડ

નીટ પેપર લીક કેસમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ મામલાની તપાસમાં લાગેલી સીબીઆઈએ આરોપી રોકીની ધરપકડ કરી લીધી છે. તપાસમાં લાગેલી સીબીઆઈને આ કેસમાં સૌથી વધારે આ શખ્સની શોધ હતી, જેની ધરપકડ થઈ ગઈ છે. ધરપકડ બાદ રોકીને સીબીઆઈએ મુખ્ય ન્યાયિક દંડાધિકારી હર્ષવર્ધનની કોર્ટમાં રજૂ કર્યો હતો. રોકીને રજૂ કર્યા બાદ તપાસ એજન્સીએ રોકીને રિમાન્ડ પર લેવાની અપીલ કરી. સીબીઆઈએ અરજી દાખલ કરીને દસ દિવસના રિમાન્ડ માગ્યા હતા, જેને કોર્ટે મંજૂર કરી દીધા છે. ત્યાર બાદ તપાસ એજન્સી હવે આરોપી રોકી સાથે દસ દિવસ સુધી રિમાન્ડ પર લઈને પૂછપરછ કરશે અને નીટ પેપર લીક કેસના તમામ રહસ્યોનો ભાંડાફોડ કરશે. આ અગાઉ ધનબાદથી ધરપકડ આરોપી બંટીને જ્યારે પટના લાવીને પૂછપરછ કરી તો તેણે સીબીઆઈની સામે કર્યો કેટલાય મહત્વના ખુલાસા રોકી સાથે જોડ્યા અને મહત્વના પુરાવા આપ્યા હતા. આ અગાઉ સીબીઆઈની ટીમ આરોપી ઓને રિમાન્ડ પર લઈને પૂછપરછના ક્રમમાં છે.

ભારતના ૪ રાજ્યોમાં એઈડ્સ સંક્રમણ અનેકગણું વધ્યું !

નવીદિલ્હી, તા.૧૧

એઇડ્સ વિશે જાગૃતિ ફેલાવવા માટે ૧૯૮૮ માં વિશ્વ એઇડ્સ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી લઈને આજ સુધીમાં વિશ્વભરમાં આ રોગના કેસમાં ઘટાડો થયો છે. છેલ્લા ૨૫ વર્ષમાં આ રોગને રોકવા માટે અનેક અભિયાનો ચલાવવામાં આવ્યા છે. લોકોને કોન્ડોમ વિશે જણાવવામાં આવ્યું હતું અને એચઆઈવી સંક્રમણના કારણોને લઈને મોટા પાયે ઝુંબેશ પણ ચલાવવામાં આવી હતી. જો કે ભારતની વાત કરીએ તો અહીં પણ છેલ્લા બે દાયકામાં એઈડ્સના કેસમાં ઘટાડો નોંધાયો છે. ભારતમાં રાષ્ટ્રીય સ્તરે એઇડસના કેસ વાર્ષિક ૪૦ ટકાના દરે ઘટી રહ્યા છે. નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન મુજબ, ૨.૪૦ મિલિયન લોકો એચઆઈવી સાથે જીવે છે.આમાંના લગભગ ૮૦ ટકા દર્દીઓ ૧૫થી ૪૯ વર્ષની વય જૂથના છે. ૨૫ વર્ષ પહેલા આ આંકડો આના કરતા અનેક ગણો વધારે હતો.યુએનએ એચઆઈવીના ઘટતા કેસો પર ખુશી વ્યક્ત કરી હતી અને અનુમાન લગાવ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં આ રોગ નાબૂદ થઈ શકે છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં આ વાસ્તવિકતાની બહાર હોવાનું જણાય છે. ભારતના કેટલાક રાજ્યોમાં એઇડસના કેસ વધી રહ્યા

છે. એક અહેવાલ મુજબ ભારતના ચાર રાજ્યોમાં એચઆઈવીનો ગ્રાફ વધ્યો છે. પંજાબમાં ૨૦૧૦થી ૨૦૨૩ સુધીમાં એઇડસના કેસોમાં લગભગ ૧૧૭ ટકાનો વધારો થયો છે.આ સમયગાળા દરમિયાન, આવાયરસના કેસ ત્રિપુરામાં ૫૨૪ ટકા, અરુણાચલ પ્રદેશમાં ૪૭૦ ટકા અને મેઘાલયમાં ૧૨૫ ટકા વધ્યા છે. રાષ્ટ્રીય સ્તરે આ વાયરસના કેસમાં લગભગ ૪૪ ટકાનો ઘટાડો થયો છે. નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અનુસાર, રાષ્ટ્રીય સ્તરે એચઆઈવી સંક્રમણ ઘટી રહ્યું છે. આ રોગનો ગ્રાફ દર વર્ષે ઘટી રહ્યો છે. જો કે, કેટલાક રાજ્યોમાં સંક્રમણમાં વધારો જોવા મળ્યો છે.નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે પંજાબ હોય કે નોર્થ ઈસ્ટ રાજ્યો, નશાની લત ખૂબ વધી રહી છે. યુવાનોમાં વ્યસન એક ફેશન બની ગયું છે. નશો કરવા માટે માત્ર એક જ સિરીંજનો ઉપયોગ થાય છે, યુવાનોને ખબર નથી હોતી કે આ સિરીંજથી એચઆઈવીનો ચેપ લાગી શકે છે. જો એક વ્યક્તિને એચ. આય.વી એઇડસ હોય અને તેની વપરાયેલી સિરીંજનો ઉપયોગ કરતા તમામ લોકોને ચેપ લાગશે. એચ. આય.વી વિશે સામાન્ય માન્યતા એ છે કે તે માત્ર જાતીય સંભોગ દ્વારા જ ફેલાય છે. આવી સ્થિતિમાં, યુવાનોને તેના આ રીતે ફેલાવવાનું કારણ ખબર નથી. કેટલાક કિસ્સાઓમાં, જો તેઓ જાણતા હોય તો પણ, માદક દ્રવ્યોના વ્યસનની સરખામણીમાં ચેપ હળવો દેખાય છે. આ જ કારણ છે કે આ રાજ્યોમાં આ રોગના કેસ વધી રહ્યા છે. એચ. આઈ.વી. વિશે જાગૃતિ છે. પરંતુ તેમાં વધુ વધારો કરવાની જરૂર છે. શહેરી વિસ્તારોથી લઈને ગ્રામ્ય વિસ્તારો સુધી, લોકો જાણે છે કે એચઆઈવી કેવી રીતે ફેલાય છે, જો કે, કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં, આ રોગના દર્દીઓ તેને ચેપી રોગ માને છે, એટલે કે શ્વાસ લેવાથી અથવા છીંકવાથી અને એકસાથે ખાવાથી ફેલાતો રોગ.ફેલાય છે તેવી માન્યતા છે. આ બાબતે કામ કરવાની જરૂર છે. લોકોને એ પણ સમજવાની જરૂર છે કે એચ.આય.વી માત્ર અસુરક્ષિત સંભોગ દ્વારા જ નહીં પરંતુ સિરીંજના ઉપયોગ અને લોહી ચઢાવવાથી પણ ફેલાય છે.

અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે

નવી દિલ્હી, તા.૧૧

અગ્નિપથ યોજનાને લઈને છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે એક મોટું પગલું લેતા આ યોજનામાં ફેરફાર કર્યો છે. કેન્દ્રે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં કોન્સ્ટેબલોની ૧૦ ટકા જગ્યાઓ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખી છે. સરકાર કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (ઝૈંજીહ્લ)માં પણ શારીરિક કસોટીમાં છૂટ આપશે. ગૃહ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું કે અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે. સાથે જ પૂર્વ અગ્નિવીરો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. શારીરિક કસોટીમાંથી પણ પૂર્વ અગ્નિવીરોને મુક્તિ મળશે અને ઝૈંજીહ્લમાં પણ ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. જ્યારે, ઝૈંજીહ્લના મહાનિર્દેશક નીના સિંહે જણાવ્યું કે ઝૈંજીહ્લએ પણ આ સંબંધમાં બધી તૈયારીઓ કરી લીધી છે.

૧૪ જૂન ૨૦૨૨ના રોજ જાહેર કરાયેલી અગ્નિપથ યોજનામાં ૧૭થી ૨૧ વર્ષની વયના યુવાનોને માત્ર ચાર વર્ષ માટે ભરતી કરવાની જોગવાઈ છે, જેમાં ૨૫ ટકા અગ્નિવીરોને આગામી ૧૫ વર્ષ સુધી જાળવી રાખવાની જોગવાઈ છે. સરકારે ત્યારબાદ ઉપલી વય મર્યાદા વધારીને ૨૩ વર્ષ કરી દીધી. અગ્નિપથ યોજના અંગે વિવાદ તાજેતરમાં પૂરા થયેલા સંસદ સત્ર દરમિયાન વિપક્ષે અગ્નિપથ યોજના અંગે સવાલો ઉઠાવ્યા હતા. સરકારને ઘેરવા બાદ અગ્નિપથ યોજના પર ઉઠેલા વિવાદ વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના દાવાઓનું ખંડન કરતા કહ્યું હતું કે ૧૫૮ સંગઠનો પાસેથી સૂચનો લીધા બાદ આ યોજના લાગુ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં જ આની જાહેરાત કરી હતી. તે દરમિયાન પણ જ્યારે 'અગ્નવીર યોજના'નો વિરોધ વધી ગયો હતો ત્યારે ગૃહ મંત્રાલયે જાહેરાત કરી હતી કે અર્ધલશ્કરી દળોની નિમણૂંકમાં અગ્નિવીરને પ્રાથમિકતા મળશે. તેમને ૧૦% અનામત આપવામાં આવશે.

સરહદ વિવાદ માટે ભારત સાથે હાથ મિલાવવા ચીન તૈયાર !

બીજીંગ,તા.૧૧

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ પૂર્વી લદ્દાખમાં લાંબા સમયથી ચાલી રહેલા સરહદી વિવાદ વચ્ચે સરહદી વિસ્તારોમાં જમીનની સ્થિતિ સાથે સંબંધિત મુદ્દાઓને 'યોગ્ય રીતે હેન્ડલ' કરવા માટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે મળીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ડોભાલને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ભારત-ચીન સરહદ મુદ્દા માટેના વિશેષ પ્રતિનિધિ તરીકેની પુનઃનિયુક્તિ પર અભિનંદન આપતા સંદેશમાં, વાંગે જણાવ્યું હતું કે ચીન અને ભારત એક એવો સંબંધ ધરાવે છે જે દ્વિપક્ષીય સરહદોને પાર કરે છે અને તેનું વૈશ્વિક મહત્વ વધી રહ્યું છે. વિદેશ મંત્રી હોવા ઉપરાંત, વાંગ ભારત-ચીન બોર્ડર ડાયલોગ મિકેનિઝમ માટે ચીનના વિશેષ પ્રતિનિધિ પણ છે. વાંગે કહ્યું કે તેઓ "બંને દેશોના નેતાઓ વચ્ચે પહોંચેલી મહત્વપૂર્ણ સહમતિને અમલમાં મૂકવા, સરહદી વિસ્તારોમાં જમીનની સ્થિતિ સાથે સંબંધિત મુદ્દાઓને યોગ્ય રીતે સંભાળવા અને સરહદી વિસ્તારોને સંયુક્ત રીતે જાળવવા માટે આતુર છે," રાજ્ય સંચાલિત ઝિન્હુઆ સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો. શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ડોભાલ સાથે હાથ મિલાવવા માટે તૈયાર છે. ભારતમાં તાજેતરની સામાન્ય ચૂંટણીઓ બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ત્રીજી સરકાર બન્યા બાદ ભારતીય અને ચીનના અધિકારીઓ વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક હતી. ૩,૪૮૮ કિમીની ભારત-ચીન સરહદે જટિલ વિવાદને વ્યાપક રીતે ઉકેલવા માટે ૨૦૦૩ માં રચાયેલ, વિશેષ પ્રતિનિધિ મિકેનિઝમનું નેતૃત્વ ભારતના એનએસએ અને ચીનના વિદેશ પ્રધાન કરે છે. ગલવાન નજીક પેંગોંગ ત્સો (તળાવ) વિસ્તારમાં હિંસક અથડામણને પગલે, ૫ મે, ૨૦૨૦ ના રોજ પૂર્વી લદ્દાખ સરહદ પર મડાગાંઠ ફાટી નીકળી ત્યારથી બંને દેશો વચ્ચેના સંબંધો, વેપાર સિવાય, સર્વકાલીન નીચા સ્તરે પહોંચી ગયા છે.

નીટ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં મુલતવી રાખવામાં આવી

નવી દિલ્હી, તા.૧૧

નીટ કેસની સુનાવણી આજે સુપ્રીમ કોર્ટમાં મુલતવી રાખવામાં આવી છે. હવે આ મામલે સુનાવણી ૧૮ જુલાઈના રોજ થશે. આ કેસને લગતી ૪૩ અરજીઓ કોર્ટમાં લિસ્ટેડ છે. CJI ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચ આ કેસની સુનાવણી કરશે. ગઈકાલે કેન્દ્ર સરકારે આ મામલે સોગંદનામું દાખલ કર્યું હતું. એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું કે પેપર લીક ખૂબ જ નીચા સ્તરે થયું છે, તેથી ફરીથી પરીક્ષા યોજવી યોગ્ય નથી. કેન્દ્ર સરકારે નીટ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે IIT મદ્રાસે ડેટાનું વિશ્લેષણ કર્યું અને ડેટામાં કોઈ અસાધારણતા કે કોઈ સામૂહિક ભૂલ મળી નથી. કેન્દ્રએ તમામ મુદ્દાઓ પર વિચારણા કરવા માટે ૭ સભ્યોની નિષ્ણાત પેનલની રચના કરવાની પણ દરખાસ્ત કરી હતી જેથી ભવિષ્યમાં આવી પેપર લીકની સમસ્યા ઊભી ન થાય. વધુમાં કહેવામાં આવ્યું હતું કે કાઉન્સેલિંગ પ્રક્રિયા જુલાઈના ત્રીજા સપ્તાહથી શરૂ કરીને ૪ તબક્કામાં હાથ ધરવામાં આવશે. જો કોઈપણ ઉમેદવારે કોઈપણ ગેરરીતિનો લાભ લીધો હોવાનું જણાશે, તો કાઉન્સેલિંગ પ્રક્રિયા દરમિયાન અથવા પછી પણ કોઈપણ તબક્કે આવા ઉમેદવારનો પ્રવેશ રદ કરવામાં આવશે. સરકારે એફિડેવિટમાં વધુમાં કહ્યું છે કે મદ્રાસ IITને ડેટા એનાલિસિસ દ્વારા અનિયમितતામાં સામેલ લોકોની તપાસ કરવા વિનંતી કરવામાં આવી છે. તેમનું વિશ્લેષણ દર્શાવે છે કે પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવનારાઓની સંખ્યા ઓછી હોવાથી કોઈ મોટી ગેરરીતિ થઈ નથી. કેન્દ્રએ કહ્યું છે કે તે સુનિશ્ચિત કરી રહ્યું છે કે ૨૩ લાખ ઉમેદવારો પર 'અપ્રમાણિત આશંકાઓ'ના આધારે ફરીથી પરીક્ષાનો બોજ ન પડે. સરકારે કહ્યું છે કે તે સુનિશ્ચિત કરી રહી છે કે ગેરવાજબી લાભ માટે દોષિત ઠરેલા કોઈપણ ઉમેદવારને કોઈ લાભ ન મળે.

યુપીમાં ભારે વરસાદના પગલે મોતનું તાંડવ : ૩૮ના મોત

દેહરાદુન, તા.૧૧

સમગ્ર ઉત્તરપ્રદેશમાં વીજળી પ ડવાને કારણે અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયા હતા. રાજ્યમાં હાલ પૂરે વિવિધ શહેરોને અસર કરી છે. પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેના પગલે હાલ સામાન્ય જીવન પણ સ્થગિત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે ૧૧ લોકોના મોત થયા છે. સુલતાનપુરમાં સાત, ચંદૌલીમાં છ, મૈનપુરીમાં પાંચ, પ્રયાગરાજમાં ચાર, ઔરૈયા, દેવરિયા, હાથરસ, વારાણસી અને સિદ્ધાર્થનગરમાં એક-એક વ્યક્તિઓના મોત થયા હતા. આ જિલ્લાઓમાં ૧૨થી વધુ લોકોના દાઝી જવાથી મોત થયા હતા. પ્રતાપગઢમાં વિવિધ જગ્યાએ પાંચ અલગ-અલગ વ્યક્તિઓના મોત થયા હતા. આ મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પૂર્વી ઉત્તરપ્રદેશના ચંદૌલીમાં વીજળી પડવાની ઘટનાના પગલે ઘણા લોકો ઘાયલ થયા હતા. આ તમામની હાલ જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં બુધવારે સાંજે ૪ થી૬ વાગ્યા દરમિયાન વીજળીના કડાકા સાથે ભારે વરસાદ થયો હતો. મૃત્યુ પામેલા લોકો ભારે વરસાદ થયો ત્યારે ખેતરમાં વાવણીનું કે બહાર માછલી પકડવાનું કામ કરી રહ્યાં હતા. વીજળી પડવાથી ૧૩ અને ૧૫ વર્ષના બે પિતરાઈ ભાઈઓના પણ મોત થયા હતા. સુલ્તાનપુરમાં સાત મૃતકો પૈકી ત્રણ બાળકો હતા. આ ઘટના બની ત્યારે પીડિતો ડાંગર રોપવા, કેરીઓ તોડવા અને પાણી ખેંચવા સહિતના કામ કરી રહ્યાં હતા. આ સમયે એક મહિલા ઝાડ નીચે ઉભી હતી, તેનું પણ વીજળી પ ડવાથી મોત થયું હતું.

ઔરૈયામાં ૧૪ વર્ષનો એક છોકરો ભારે વરસાદના પગલે ઝાડ નીચે ઉભો હતો. તેનું પણ વીજળી પડવાથી મોત થયું હતું. જ્યારે દેવરિયામાં ખેતરમાં ચાલતી જઈ રહી રહેલી એક ૫ વર્ષની બાળકીનું મોત થયું હતું. તેનો પરિવાર પણ તે સમયે ખેતરમાં જ કામ કરી રહ્યો હતો. બીજી તરફ વારાણસીમાં વીજળી પડવાના પગલે બે ભાઈઓ દાઝી ગયા હતા. દાઝવાના પગલે એકનું મોત થયું હતું, જ્યારે અન્ય એક ભાઈ હાલ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે ભારતીય હવામાન વિભાગે ઉત્તરપ્રદેશ અને તેની આસપાસના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

મુંબઈમાં કેટલાક વિસ્તારોમાં યેલો એલર્ટ જાહેર

મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદ વરસી રહ્યો છે. જોકે વરસાદ બંધ થઈ ગયો હતો પરંતુ એક વખત ફરી હવામાન વિભાગે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદથી અમુક વિસ્તારોમાં નદિઓ ગાંડી બની છે. અમુક જગ્યાઓ પર વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. આ વચ્ચે ફરી મુંબઈ સહિત આખા રાજ્યમાં ભારે વરસાદની ચેતાવણી આપવામાં આવી છે. ઘણી જગ્યાઓ પર વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મંગળવારે બપોરથી મુંબઈ સહિત ઠાણેમાં વરસાદથી રાહ હત

આજનું રાશિફળ

મેષ :
આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. પ્રેમ જીવન ગતિશીલ હશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. તમારૂં ચુંબકીય-બર્હિમુખી વ્યક્તિત્વ દિલો પર રાજ કરશે. તમારા જીવનસાથી સાથે આજે તમે સારો એવો ખર્ચ કરવાના છો એવું જણાય છે, જો કે ખર્ચ કરવા છતાં તમે તેની સાથે અદભુત સમય માણશો.

વૃષભ :
આજે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી તે નામના તથા સ્વીકૃતિ તેમને મળશે. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો. તમારા જીવનસાથી આજે ખરેખર સારા મિજાજમાં છે. તમને આજે સરપ્રાઈઝ મળી શકે છે.

મિથુન :
આજના દિવસે ખાસ કરીને તમારા ગુસ્સાને સંયમ માં રાખજો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો તે તમારા સાથીઓ સાથે કામ લેવામાં તમારો ગુણવિશેષ સાબિત થશે. આજે તમારી પાસે મફત સમય હશે અને તમે આ સમય નો ઉપયોગ ધ્યાન યોગ કરવા માટે કરી શકો છો. આજે તમને માનસિક શાંતિ નો અનુભવ થશે. આજે જરૂરિયાતના સમયે તમારા જીવનસાથી પોતાના પરિવારના સભ્યોની સરખામણીએ તમારા પરિવારના સભ્યોને ઓછું મહત્વ આપે એવું બની શકે છે.

કર્ક :
આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો. તમારી આવડત દેખાડવાની તક આજે તમારી સાથે આવશે. ઘરમાં વિધી-હવન-મંગળ સંસ્કાર કરાવશો. આજનો દિવસ સારો જોય એવું તમે ઈચ્છતા હો તો, તમારા જીવનસાથીનો મિજાજ ખરાબ હોય ત્યારે એકપણ શબ્દ ઉચ્ચરતા નહીં.

સિંહ :
આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહી. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. બેન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કામમાં પરિસ્થિતિ તમારી તરફેણમાં હોય એવું જણાય છે. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પસાર કરવા નું શીખવું જોઈએ. જો તમે આ ન કરો, તો પછી તમે ઘરે સદ્ભાવના બનાવી શકશો નહી. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે.

કન્યા :
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શેર કરવાની લાગણી છે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો. આજ નો દિવસ તમે ખૂબ વ્યસ્ત રહેશો પરંતુ સાંજે તમારી મનપસંદ વસ્તુઓ કરવા માટે પૂરતો સમય મળશે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

તુલા :
આજે વધુ પડતો ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહી આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. જો સંવાદ અને ચર્ચાથી કામ નહી થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે- જેની માટે તમને પછીથી પસ્તાવો થશે- આથી બોલતા પહેલા વિચારજો. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહી કરી શકો. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે. તમારી આસપાસ શું થઈ રહ્યું છે, તમારે માત્ર તેનું જ ધ્યાન રાખવાનું છે. ટેક્સ તથા વીમાને લગતી બાબતમાં ધ્યાન આપ વાની જરૂર પડશે.

વૃશ્ચિક :
આજના આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ તમારા માટે ચિંતાનું કારણ બનશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહી. આજે, તમે કોઈ પણ મંદિર, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક સ્થળે બિનજરૂરી મુશ્કેલીઓ થી દૂર તમારો મફત સમય વિતાવી શકો છો. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહી.

ધન :
આજે તમારી આશાઓ કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. તમારા દિલ પર રોમાન્સનું રાજ હશે. કોઈ નવો પ્રોજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો. તેથી, આજ નો દિવસ તમારા માટે ઉત્તમ દિવસ બની રહ્યો છે. આજે તમને તમારા માટે પૂરતો સમય મળશે. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

મકર :
આજે તમારા માટે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.

કુંભ :
આજે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની ખાસ દરકાર લેવાની જરૂર છે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. હિંમત હારતા નહી- નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે અને તમારા બોસ પણ તમારા કાર્ય થી ખુશ થશે. વેપારી પણ આજે વેપાર માં સારો નફો કમાવી શકે છે. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે. આવું કરવા થી તમારા લોકો વચ્ચે પ્રેમ વધશો તમારા જીવનસાથીની તબિયતને કારણે તમે આજે તાણ હેઠળ રહો એવી શક્યતા છે.

મીન :
આજે પરિવાર સાથે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે. આજે તમને એ બાબત સમજાશે. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની તમારી ક્ષમતા તમને માન અપાવશે. આજે લગ્નજીવનની ઉજળી બાજુ અનુભવવાનો દિવસ છે.

લંડનમાં પણ જય જગન્નાથ

યુકેમાં રથ યાત્રા સાથે અષાઢી બીજની દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી : બે રથ તૈયાર કરી ભવ્ય રથયાત્રામાં મોટી સંખ્યામા લોકો જોડાયા હતા : બે કિલોમીટર લાંબી રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યુ

લંડન તા.૧૧
ભાગ્યે જ દુનિયાનો કોઈ દેશ હશે કે ત્યાં કચ્છી કે ગુજરાતી ન હોય એવા દેશ યુનાઈટેડ કિંગડમ (UK) માં આજેપણ ભારતીયો એ પોતાની સંસ્કૃતી જાળવી રાખી છે. આ દેશ માં વર્ષો થી મોટી સંખ્યામાં કચ્છના હરિભક્તો રહે છે. એ સર્વે હરિભક્તો અને લંડન ના દરેક મંદિરો સાથે મળીને, ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદથી દર વર્ષેની જેમ અષાઢી બીજ નિમિત્તે ભવ્ય રથયાત્રાનું આયોજન કર્યુ હતુ. અષાઢી બીજ રથયાત્રા નિમિત્તે લંડન કેન્ટન હેરો સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી, બળદેવજીનું ભવ્ય પૂજન કરાયુ હતુ જેમાં મોટી સંખ્યામાં અનેક ભક્તો એ પૂજનનો લાભ લીધો રથયાત્રા માટે બહેનો અને ભાઈઓ માટે એમ બે અલગ અલગ રથ તૈયાર કરાયા હતા બે સ્વરુપે એ બંને રથમાં ભગવાન બિરાજયા. ભુજ મંદિરથી પધારેલા સંતો વડીલ સંત શાસ્ત્રી સ્વામી વિજ્ઞાન સ્વરૂપ દાસ, ડોક્ટર શાસ્ત્રી સ્વામી લક્ષ્મણ પ્રકાશદાસ, ડોક્ટર શાસ્ત્રી સ્વામી શકમુનિદાસ,પુરાણી સ્વામી દેવવિહારી દાસ,પુરાણી સ્વામી નૌતમ મુનીદાસ તથા પુરાણી સ્વામી તીર્થ મુનિદાસ સંતો હાજર હતા.સંતોએ રથમા બિરાજેલા જગન્નાથ ભગવાનનું પૂજન કર્યું.

સંતો સાથે વિશિષ્ટ મહાનુભાવોમાં હેરો વિસ્તારના અનેક કાઉન્સિલરો એમએલએ અને એમપી જેવા રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. રથયાત્રાની શરૂઆત રાજકીય મહાનુભાવો અનેક સમાજના અગ્રણીમાં હસ્તે કરાઈ હતી દરેક મંદિરોના અગ્રણી મહાનુભાવો સૌ સાથે મળી પૂજન કરીને રથયાત્રાનો પ્રારંભ કર્યો હતો આ રથયાત્રા સૌ ભક્તોને દોરડાથી ખેંચવાની સેવા કરવાની હતી. બે કિલોમીટર લાંબી જનમેદની હતી.આ રથયાત્રાની વ્યવસ્થામાં હેરો મંદિર અને સ્ટેનમોર મંદિરના સ્વયં સેવકો સાથે શહેરની ટ્રાફિક પોલીસ દ્વારા કરાઈ હતી રથયાત્રા દરમ્યાન ઠેર ઠેર વોલીનટરો દ્વારા પાણીની સેવા આપવામાં આવી હતી.

પોલીસ પણ સુરક્ષા વ્યવસ્થા સાથે રથયાત્રામાં સહભાગી રહી હતી બે હજારથી વધારે સંખ્યામાં હરિભગત તેટલી જ સંખ્યામાં બહેનો પણ હેરો મંદિરથી સ્ટેનમોર મંદિર સુધી આઠ કી.મી ના અંતરની રથયાત્રામાં જોડાયા હતા. વરસાદનુ સુકન જાણે ત્યા પણ સચવાયુ હોય તે રીતે અષાઢી બીજના વરસાદ પડ્યો હતો છંતા લોકો છત્રી તથા રેઇનકોટ પહેરીને શોભાયાત્રામાં જોડાયા હતા.અને રથયાત્રા ખેંચવાની સેવા આપી હતી હેરો વિસ્તારના બજાર માંથી જ્યારે શોભાયાત્રા પસાર થઈ રહી હતી ત્યારે હિન્દુ ધર્મ પ્રેમી લોકો ઘરમાંથી બારે આવી આવીને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા હતાં. હાથ જોડીને વંદન કરી રહ્યા હતાં.

આવી રીતે હેરો ના માર્ગમાંથી પસાર થતાં સ્ટેનમોરના માર્ગમાં યાત્રા પહોંચી હતી.મંદિરના વિશાળ પ્રાંગણામાં ભગવાન રથ ઉપરથી ઉતરીને સંતોના ખંભે બિરાજમાન થઈને વિશાળ સ્ટેજ ઉપર પધાર્યા હતા સ્ટેજ ઉપર ઠાકોરજીનું પુષ્પોથી ખૂબ ભાવપૂજન થયું હતુ ચાર હજારથી વધારે હાજર નગરજનો, રાજકીય મહાનુભાવો, સમાજીક અગ્રણીઓ, દરેક મંદિરોના અગ્રણીઓ સૌ સાથે મળી સંતો સાથે રહીને જગન્નાથ ભગવાનની રથયાત્રા પૂર્ણ નિમિત્તે આરતી કરી પુષ્પ અર્પણ કર્યા હતાં.

આ અવસરે ભુજ મંદિરના સંત શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસે આશીર્વાદ આપતા જગન્નાથપુરીની રથયાત્રાને , અમદાવાદની રથયાત્રાને, અને ભુજની રથયાત્રાને યાદ કરી હતી. કચ્છી નવું વર્ષ વચનામૃત પ્રમાણે પણ નવું વર્ષ નિમિત્તે ભુજ મંદિરના મહંત સ્વામી તથા વડીલ સંત સદ્ગુરુ બાલકૃષ્ણ દાસના શુભ આશીર્વાદ સાથે આ નવા વર્ષની સૌ કચ્છી ભક્તોને ખૂબ ખૂબ વધાઈ તથા શુભ કામના સાથે અંતરના આશીર્વાદ આપ્યા હતા.મહાપ્રસાદ સાથે યાત્રા પુર્ણ કરાઈ હતી.મંદિરના સંતો તથા ભક્તોએ સમગ્ર રથયાત્રાના આયોજન માટે મહેનત કરી આશીર્વાદ મેળવ્યા હતા.

'પાંચ નાકાને છઠ્ઠી બારી,ભુજને ઓળખો' છાત્રાઓને ઈતિહાસના પાઠ ભણાવાયા

કચ્છ ઇતિહાસ પરિષદે ભુજના ઇતિહાસની માહિતી આપવા વિદ્યાલયમાં ખાસ કાર્યક્રમ

ભુજ તા ૧૧
સામાન્ય રીતે તરસ્યો માણસ કુવા પાસે જાય છે, જ્યારે કૂવો તરસ્યા પાસે જવા તૈયાર થયો છે કચ્છ ઈતિહાસ પરિષદ દ્વારા ઈતિહાસ ઉજાગર કરવા માટે શાળા કોલેજમાં જઈ ભુજ તથા કચ્છના સાચા ઈતિહાસની જાણકારી આપવા નમ્ર પ્રયાસ આદર્યો છે, અને તેનો હકારાત્મક સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે, તાજેતરમાં તારીખ ૦૬/૦૭ ના એમ.આઇ.બાયડ તરફથી આષાઢી બીજ અનુસંધાને માતૃ છાયા કન્યા વિદ્યાલયમાં યોજાયેલ "પાંચ નાકાને છઠ્ઠી બારી,ભુજને ઓળખો" એ વિષય અનુસંધાને ઈતિહાસની માહિતી આપવા વિશે આયોજન કરાયું હતું જેમાં કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખ તથા ઉપપ્રમુખને અતિથિ વિશેષ પદે ખાસ પ્રાસંગિક પ્રવચન માટે આમંત્રણ પાઠવાયું હતું.

પ્રારંભમા માતૃછાયા કન્યા વિદ્યાલયના આચાર્યા સુવાસબેન તન્નાએ સૌને આવકાર્યા હતા તથા મહેમાનોનું સાલ ઓઢાડી સન્માન કરેલ હતું. સંસ્થાના મહામંત્રી પ્રમોદભાઈ જેઠી એ ભુજને ઓળખો "પાંચ નાકાને છઠ્ઠી બારી "વિશે વિસ્તૃત ઈતિહાસ ઉજાગર કર્યો હતો. ભુજ માં ૪૦૦ વર્ષ રાજાશાહી હતી, કચ્છનું પાટનગર ભુજ તથા રાજવીઓનું નિવાસસ્થાન દરબારગઢ રહ્યું હતું, રાજવીઓએ આ નિવાસસ્થાનમાં નિવાસ કર્યો,રાવ શ્રી ખેંગારજી પહેલાએ સંવત ૧૬૦૫માં માગશર વદ પાંચમના ભુજ શહેરનું તોરણ બાંધ્યું ત્યારથી લઈને ૧૮ રાજવી રાજા કચ્છમાં રાજ કરી ગયા, જેમાં અંતિમ રાજવી મહારાવશ્રી મદનસિંહજી રહ્યા હતા. ભુજને ફરતે સંવત ૧૭૭૯મા બંધાયેલા આલમપનાગઢ, ભુજમાં જોવાલાયક મહેલો, મ્યુઝિયમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ત્યાર બાદ પ્રમુખ જયવીરસિંહ સોઢાએ કચ્છી નવું વર્ષ અષાઢી બીજની ઉજવણી સંદર્ભે કચ્છી દુઆ છંદ સાથે શરૂઆત કરી સંપૂર્ણ ઈતિહાસની જાણકારી આપી હતી તો, રિટાયર્ડ પ્રિન્સિપાલ અને કચ્છ ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ કિરીટસિંહ જાડેજાએ પ્રાસંગિક અનુરૂપ વિદ્યાર્થીઓને ઈતિહાસની જાણકારી આપી હતી, આમ કચ્છ ઈતિહાસ પરિષદ તરફથી કચ્છના ઈતિહાસને ઉજાગર કરવા આ નવતર પ્રયોગની શરૂઆત કરી છે,જે ભવિષ્યમાં પણ ચાલુ રહેશે, અને આવા કાર્યક્રમો થતા રહેશે,એવું મહામંત્રી પ્રમોદ જેઠીએ જણાવ્યું હતું. આ આયોજનમાં માતૃ છાયા કન્યા વિદ્યાલય તરફથી સારો સાથ સહકાર મળ્યો હતો, તથા ઈતિહાસની જાણકારી મેળવવા બદલ આભાર સાથે સંતોષ વ્યક્ત કરેલ હતો.

કચ્છ અને ખાસ કરીને ભુજમા અનેક એવા સ્થળો આવેલા છે. જ્યા સ્થાનીક બાળકોને ઈતિહાસ વિષે જાણવા મળે તેમ છે ત્યારે ઈતિહાસની જાળવણી માટે વિદ્યાર્થીઓ જાગૃત થાય તે પ્રયાસ સાથે બાળકો માટે આ ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

વરસાદ પડે એટલે નખત્રાણાના કૈલાશનગર વાસીઓને અભિમન્યુના સાત કોઠા પાર કરવા પડે !

મુખ્ય રસ્તે ઠેર ઠેર ખાબોચિયામાં પાણી ભરાવાની વરસો જૂની સમસ્યા દૂર કરવા તંત્રને કોઈ 'રસ્તો' કેમ નથી મળતો ?

આણંદપર(યક્ષ) તા.૧૧
નખત્રાણાના કૈલાશનગર વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની કોઇ જ વ્યવસ્થા ન હોવાના કારણે દર ચોમાસે અહીં પાણીના ખાબોચિયા ભરાવવાના કારણે સ્થાનિક લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જોકે આ સમસ્યા કૈલાશનગર વાસીઓને વર્ષોથી સતાવી રહી છે, પરંતુ વિકાસની મોટી મોટી વાતો વચ્ચે આ નાની સમસ્યા પંચાયતી રાજ હતું ત્યારથી માંડી બે વર્ષ થયાં નગરપ ાલિકાનો દરજ્જો મળ્યો ત્યાં સુધી આ સમસ્યા જેમની તેમ જ રહેતા લોકો સમસ્યા મુક્ત થયા નથી.

મુખ્ય રસ્તામાં જ વરસાદી પાણીનું વહેણ હોઇ લોકોને, ખાસ કરીને બાળકો અને સિનિયર સીટીઝનોને અવર જવરમાં ભારે હાલાકી વેઠવી પડે છે, વરસાદ બંધ થયા બાદ ભરાયેલા પાણીના નિકાલ માટે કોઇ વ્યવસ્થા ન હોઇ, ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાતા મચ્છરોનો ઉપદ્રવ પણ વધે છે, અને પાણીથી ભરેલા ખાડાઓમાં અવાર નવાર દ્વિચક્રી વાહન ચાલકો પટકાય છે, ઇજાગ્રસ્ત પણ થતા હોય છે, આ મુખ્ય રસ્તો ડીવાઈન સ્કુલ તેમજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણના મદિરે જવા માટે જોડાયેલો હોઈ મંદિરે દર્શન કરવા આવતા વડીલ ભાવિકો માટે આ રસ્તેથી જવું મુશ્કેલ બન્યું છે, તેમજ શાળાએ ભણવા જતા નાના બાળકો અને તેમને મુકવા આવતા જતા વાલીઓ માટે નાના વાહનોને આ પાણીના ખાબોચિયામાંથી કાઢવા એટલે અભિમન્યુનો સાતમો કોઠો પાર કર્યા સમાન છે. જોકે આ બાબતે કૈલાશનગર વાસીઓએ અવારનવાર રજુઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી, કૈલાશ નગરનો આ મુખ્ય માર્ગ હોવાથી લોકોને બીજો કોઈ વિકલ્પ ન હોવાથી અહીંથી જ અવારનવાર પસાર થવું પડે છે, પાણી ભરાવાના કારણે ખાડાઓ ઉંડા થતા જાય છે, નખત્રાણામાં નગરપાલિકા બનતા વેરાઓ વધ્યા પણ સુવિધાઓમાં કોઈ જ વધારો થયો નથી. કોઇપણ પ્રકારના આયોજન વગર બેરુ રોડ ઉંચો કરી નખાતાં પાણીના નિકાલ માટે અવરોધ ઉભો થયો છે, અને એ કારણે આ કાયમી સમસ્યા તંત્રના વાંકે ઉભી થઈ છે, એવું કૈલાશનગરના રહેવાસીઓનું કહેવું છે, આ વિસ્તારના ધારાસભ્ય સહિત અનેક સતા પક્ષના અનેક આગેવાનો જન સેવા માટે સક્રિય હોવાનો દાવો તો કરાય છે, પણ આ સમસ્યા તેમની નજરે કેમ ચડતી નથી એ સવાલ છે.

૮૩ વર્ષ જૂના આ ડેમ આસપાસ વરસાદી માહોલ માં હજારો પર્યટકો કુદરતી નજારો જોવા આવી રહ્યા છે ત્યારે રસ્તાની સ્થિતી સુધારવા સહિત અહી વિકાસ કરવામાં આવી તેવી માંગ કરાઇ છે : રવિવારે તથા વરસાદમા ડેમ છલકાયા બાદ લોકો અહી ઉમટી પડે છે

મુન્દ્રાના રાજાશાહી ડેમ ખેંગાર સાગરને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માંગ !

મુન્દ્રા તા ૧૧
મુન્દ્રાના પ્રખ્યાત વાંકી જૈન તીર્થ થી અંદાજે ૬કિમી ના અંતરે આવેલ ૮૩ વર્ષ જૂનો ખેંગાર સાગર ડેમને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માંગ ઉઠી છે. અને આ ડેમ તરફ નો ૬કિમી નો માર્ગ જે ખૂબ જ જર્જરિત હાલત માં છે તેની સ્થિતી સુધારવા રજુઆત કરાઇ છે.કાચા સિંગલ પટ્ટી રોડ પરથી હજારો લોકો અહી કુદરતી નજારો માણવા માટે આવે છે પરંતુ સુવિદ્યા થાય તો હજુ વધુ લોકો આવે તેમ છે.આ ડેમ વરસાદી સિઝન મા છલકાય છે ત્યારે સમગ્ર કચ્છ માંથી પર્યટકો કુદરતી સૌંદર્યનો નજારો જોવા હજારોની સંખ્યા માં ઉમટી પડે છે.પરંતુ વાંકી અને પત્રી વચ્ચે આ ડેમ તરફ જવાનો કાચો સિંગલ પટ્ટી રોડ છે અને હાલ રોડ ની બને બાજુ બાવળ ની ઝાડી નો સામ્રાજ્ય વધી ગયુ છે અને ભારે ભીડ હોય ત્યારે આ માર્ગ પર બે વાહનો સામ સામે આવી જાય તો ટ્રાફિક જામ ના દ્રશ્યો પણ સર્જાય છે. ત્યારે વાંકી ગામના અગ્રણી હિંમતસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે ખેંગાર સાગર ડેમમાંથી આસપાસના આઠ ગામો વાંકી ,પત્રી ,નાના કાંડાગરા ,લાખાપર ,બગડા ,વાઘુરા ,કુંદરોડી ગામના ખેડૂતો ખેતીવાડી માટે પાણીનો લાભ લઈ રહ્યા છે અને આ ડેમ ઓવરફ્લો થાય ત્યારે આસપાસ નો વિસ્તાર લીલોછમ બની જાય છે.૪૦વર્ષ પહેલાં ડેમની પૂર્વ દિશા એ રાજાશાહી મહેલ હતો જે ધ્વસ્ત થઈ ગયો છે. આ ડેમમાં જ્યારે વરસાદી સિઝન સમયે કોટડા, બંદરા, રેહા, કુકમા ,લેર, રૈયા, જદુરા ગામોની નદીના પાણી પહોંચે છે જેને કારણે નયનરમ્ય દ્રશ્યો સર્જાય છે જેથી આ સ્થળનો વિકાસ કરવામા આવે વાંકી ગામના જ કિરણ ધરોડ એ સ્થળ પરથી માહિતી આપતા જણાવ્યું હતું કે રાજાશાહી સમય ના ૩ ઓવરફ્લો ઓગન મજબૂત છે અને પૂર્વ દિશા માં અંદાજે ૪વર્ષ પહેલાં બનેલો ચોથા ઓગન માં ગાબડા પડી ગયા છે અને ભારે વરસાદમાં નુકસાન પણ થઈ શકે છે.જો કે વર્તમાન વાત કરતા તેઓએ કહ્યુ કે ખેંગાર સાગર ડેમ વરસાદી સિઝનમાં જ્યારે ઓવરફ્લો થાય છે. બાદમાં કુદરતી સૌંદર્યતા ખીલી ઉઠે છે અને ધાર્મિક ઉત્સવો હોય કે રવિવાર ના દિવસે હજારો ની સંખ્યામાં લોકો અહી આવે છે ત્યારે અહી રસ્તા સહિતની સુવિદ્યા વિકસાવાય વાંકી ગામના સૂર્યભાણસિંહ જાડેજા એ પણ પર્યટન ધામ તરીકે સરકાર અહીનો વિકાસ કરે અને રોડ રસ્તા બનાવવા માંગ કરી હતી.વાંકી ગામના કરસનજી જાડેજા ,મણિલાલ ધરોડ,શંકર આહિર એ ડેમ ની વિશેષતા સાથે હાલ લોકોની રજુઆત અંગે વાત કરી સ્થળના વિકાસની વાતો કરી હતી

બિસ્માર રસ્તો

જાળવણીનો અભાવ

કુદરતી સૌંદર્ય

FILMY ગપશપ

અભિનેતાએ જણાવ્યું કે હૃતિકના મેસેજને કારણે તેને કેવું લાગ્યું

કેટરિના એ વાતથી ખુશ હતી કે વિકીએ 'તૌબા તૌબા'માં ડાન્સ કર્યો ન હતો

મુંબઈ, તા.૧૧

સોશિયલ મીડિયા પર, સલમાન ખાન અને રિતિક રોશન જેવા સ્ટાર્સે 'તૌબા તૌબા'માં વિકીના ડાન્સ અને સ્વેગની પ્રશંસા કરી હતી. વિકીએ જણાવ્યું કે હૃતિક રોશનના વખાણને કારણે તેને કેવું લાગ્યું. તેણે એ પણ જણાવ્યું કે આ ગીત પર તેની પત્ની કેટરિના કૈફ, જે પોતે એક ઉત્તમ ડાન્સર છે, તેની પ્રતિક્રિયા શું હતી. હાલમાં જ વિકી કૌશલની ફિલ્મ 'બેડ ન્યૂઝ'નું ટ્રેલર રિલીઝ થયું હતું, લોકોને તેની કોમેડી ખૂબ જ ફની લાગી હતી. પરંતુ હવે વિકી તેની કોમેડીથી નહીં પરંતુ તેના સ્વેગ ડાન્સથી તરંગો મચાવી રહ્યો છે.

ફિલ્મ 'તૌબા તૌબા'ના પહેલા ગીતમાં વિકીના ડાન્સ સ્ટેપ્સ અને ફિલ્મની એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી સાથેની તેની કેમેસ્ટ્રીને

ખૂબ પસંદ કરવામાં આવી રહી છે.સોશિયલ મીડિયા પર, સલમાન ખાન અને રિતિક રોશન જેવા સ્ટાર્સે 'તૌબા તૌબા'માં વિકીના ડાન્સ અને સ્વેગની પ્રશંસા કરી હતી. વિકીએ જણાવ્યું કે ડાન્સ આઈકોન રિતિક રોશન દ્વારા વખાણ કર્યા પછી તેને કેવું લાગ્યું. તેણે એ પણ જણાવ્યું કે આ ગીત પર તેની પત્ની કેટરિના કૈફ, જે પોતે એક ઉત્તમ ડાન્સર છે, તેની પ્રતિક્રિયા શું હતી.વિકી કૌશલે તેના ઈન્સ્ટાગ્રામ પર 'તૌબા તૌબા' ગીત પણ શેર કર્યું હતું. આના પર કોમેન્ટ કરતા હૃતિકે હાર્ટ ઈમોજી સાથે લખ્યું હતું, 'શાબાશ માણસ... આ સ્ટાઈલ ખૂબ જ ગમી.'ફિલ્મ કમ્પેનિયનને આપેલા ઈન્ટરવ્યુમાં વિકીએ જણાવ્યું હતું કે જ્યારે તેણે રિતિકની કોમેન્ટ વાંચી તો તે આશ્ચર્યચકિત થઈ ગયો અને પહેલા તેનો ફોન બાજુ પર મૂકી દીધો. વિકીએ કહ્યું, 'હું એક ઈવેન્ટમાંથી પરત ફરી રહ્યો હતો અને મારી કારમાં મેં કોમેન્ટ વાંચી અને મારો ફોન મારી બાજુની સીટ પર ફેંકી દીધો. મને લાગ્યું કે, 'હવે થઈ ગયું... બધા, મારી સાથે નમ્રતાથી વાત કરો, હૃતિક સર એ મારા ડાન્સની પ્રશંસા કરી છે.'વિકીએ જણાવ્યું કે તેની અંદર વર્ષોથી એક ડાન્સર બેઠી હતી, જે બહાર આવવાની તક શોધી રહી હતી. તેણે આખી ટીમનો આભાર માન્યો જેમણે તેને ડાન્સ પ્રત્યેના છુપાયેલા પ્રેમને વ્યક્ત કરવાની તક આપી.વિકીએ જણાવ્યું કે 'તૌબા તૌબા'માં તેના ડાન્સનું હૂક-સ્ટેપ બહુ મુશ્કેલ નહોતું. પહેલા તો તેને લાગ્યું કે આ ખૂબ જ મુશ્કેલ હશે, પરંતુ જ્યારે કોરિયોગ્રાફરે તેને આ સ્ટેપ શીખવ્યું ત્યારે તેને આશ્ચર્ય થયું કે 'આ થઈ ગયું!' વિકીએ જણાવ્યું કે આ ગીતની પ્રેક્ટિસ કરવામાં તેને માત્ર ૪ દિવસનો સમય લાગ્યો હતો.વિકીએ કહ્યું કે તેને સૌથી વધુ રાહત તેની પત્ની કેટરિના કૈફના વખાણથી મળી છે. હવે કેટરિનાએ તેને 'તૌબા તૌબા' પર કહ્યું કે 'આ બહુ સારું છે' અને તેને લાગ્યું કે 'ભગવાનનો આભાર!'તેણે કહ્યું, 'તે મને કહેતી રહે છે કે તેને મને ડાન્સ જોવો ગમે છે. જ્યારે હું સંપૂર્ણ ઉર્જા સાથે, હલનચલન અને અભિવ્યક્તિના કોઈપણ પ્રતિબંધ વિના, બધું ભૂલ્યા વિના નૃત્ય કરું છું ત્યારે મને નૃત્ય જોવાનું તે પસંદ કરે છે. હું બારાતી ડાન્સર છું, ટ્રેનિંગ લઈને ડાન્સર નથી. હું જંગલી રીતે ડાન્સ કરું છું, પરંતુ આ વાસ્તવિક જીવનમાં છે જ્યારે કેમેરો ફરતો નથી.કેટરિના પાસેથી તેણે શીખેલા ડાન્સના પાઠ વિશે વાત કરતાં વિકીએ કહ્યું, 'જ્યારે કૅમેરા રોલ કરે છે, ત્યારે તમારે જાણવું જોઈએ કે તમારી એનર્જી ક્યારે સેવ કરવી, તમારી બધી એનર્જી ક્યાં લગાવવી, ક્યારે અને ક્યાં અને કેટલી એક્સપ્રેશન આપવી. હું ડાન્સ કરતી વખતે પાગલ થવાનું શરૂ કરું છું કારણ કે હું તેનો આનંદ લેવાનું શરૂ કરું છું, થોડું વધારે. આ વખતે તે ખૂબ જ ખુશ હતી કે મેં વલણના સંદર્ભમાં ઊર્જા જાળવી રાખી.'

ભોજપુરી એક્ટ્રેસ નેહા મલિકે ફરી એકવાર ચાહકો માટે પોતાની મનમોહક તસવીરો શેર કરી છે, જેને જોઈને ચાહકો નિસાસો નાખે છે.ફેન્સ નેહા મલિકની તસવીરોની આતુરતાથી રાહ જુએ છે અને અભિનેત્રી પણ ચાહકો માટે તસવીરો શેર કરે છે. નેહા મલિકની લેટેસ્ટ તસવીરો જોઈને ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે. ભોજપુરી અભિનેત્રી નેહા મલિકને આજે કોઈ પરિચયની જરૂર નથી. તેમણે પોતાના દમ પર ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મની લોન્ડરિંગ કેસમાં થશે પૂછપરછ

એલ્વિશ યાદવની મુશ્કેલીઓ ઓછી નથી થઈ, EDએ મોકલ્યું સમન્સ

મુંબઈ, તા.૧૧

યુટ્યુબર એલ્વિશ યાદવ ફરી એકવાર મુશ્કેલીમાં છે. EDએ તેમને સમન્સ પાઠવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોબ્રા ઘટના સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એલ્વિશને ૨૩ જુલાઈએ પૂછપરછ માટે બોલાવ્યો છે. એલ્વિશ પર રેવ પાર્ટીઓમાં સાપનું ઝેર સપ્લાય કરવાનો આરોપ છે.ED એ એલ્વિશને સમન્સ પાઠવ્યુંસેન્ટ્રલ એજન્સીએ મે મહિનામાં એલ્વિશ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. સૂત્રોનું કહેવું છે કે એલ્વિશ યાદવ આ સપ્તાહની શરૂઆતમાં ED સમક્ષ તેની લખનૌ ઓફિસમાં હાજર થવાનો હતો. પરંતુ તેણે તેની વિદેશ યાત્રા અને વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને ટાંકીને એક્સ્ટેંશનની માંગ કરી હતી. હવે EDએ એલ્વિશને ૨૩ જુલાઈએ તપાસ અધિકારી સમક્ષ હાજર થવા કહ્યું છે. આ કેસમાં EDએ હરિયાણાના સિંગર રાહુલ યાદવ ઉર્ફે રાહુલ ફઝિલપુરિયાની પણ પૂછપરછ કરી છે. તેને ફરીથી

પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે.એલ્વિશ સામે શું આરોપો હતા?એલ્વિશ યાદવ ત્યારે વિવાદમાં આવ્યા જ્યારે તેનું નામ સાપના ઝેરની ખરીદી અને વેચાણના મામલામાં સામે આવ્યું. તેના પર ડ્રગ્સને ફાઈનાન્સ કરવાનો પણ આરોપ હતો. નોઈડા પોલીસે ૧૭ માર્ચે યુટ્યુબરની ધરપકડ કરી હતી. તેમને ૬ દિવસ જેલમાં વિતાવવા પડ્યા હતા. ૨૨ માર્ચે તેમને જામીન મળ્યા હતા. આ દરમિયાન રડવાને કારણે તેના માતા-પિતાની હાલત ખરાબ થઈ ગઈ હતી. મીડિયા ઈન્ટરવ્યુમાં તે પોતાના પુત્રને નિર્દોષ ગણાવતો રહ્યો.એપ્રિલમાં નોઈડા પોલીસે આ કેસમાં ૧૨૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ આરોપોમાં સાપની દાણચોરી, ડ્રગ્સનો ઉપયોગ અને રેવ પાર્ટીઓનું આયોજન સામેલ છે. હાલ એલ્વિશ જામીન પર છે. વ્લોગિંગ અને વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને પરિપૂર્ણ કરવામાં વ્યસ્ત.તેનો મિત્ર લવકેશ બિગ બોસ OTT ૨ માં જોવા મળે છે. તે તેના મિત્રોના સમર્થનમાં વીડિયો બનાવે છે. એલ્વિશને નાની ઉંમરમાં જ લોકપ્રિયતા મળી છે.

મોટા સુપરસ્ટાર્સ વિક્રમ સામે વામણા

સાઉથ સુપરસ્ટાર વિક્રમની ફિલ્મ થંગલાનનું શાનદાર ટ્રેલર રિલીઝ

મુંબઈ, તા.૧૧

વિક્રમ (ચિયાં વિક્રમ) સાઉથ સિનેમાનો મોટો સ્ટાર છે. તેણે અત્યાર સુધી જેટલી પણ ફિલ્મોમાં કામ કર્યું છે તેમાં તેના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. હાલમાં જ તેની ફિલ્મ થંગલાનનું ટ્રેલર રિલીઝ થયું હતું. ૨ મિનિટનું આ ટ્રેલર તમે દંગ રહી જશો સાથે વિક્રમની એક્ટિંગથી પ્રભાવિત થઈ જશો.

સાઉથ સિનેમાના સુપર સ્ટાર વિક્રમની અપકમિંગ ફિલ્મ ટેંગલનનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મમાં ચિયાં વિક્રમે સ્થાનિક નેતાની ભૂમિકા ભજવી છે. ફિલ્મનું ટ્રેલર ખરેખર રોમાંચક છે અને તેને જોયા પછી તમે ચોંકી જશો. આ ફિલ્મમાં વિક્રમની એક્ટિંગ જોઈને લાગે છે કે તે સાઉથના અન્ય કલાકારોને છોડીને જઈ રહ્યો છે. ઘણા લોકો એવું પણ કહે છે કે આ ફિલ્મ પ્રભાસની સાલર અને યશની KGFને પાછળ છોડી દેશે. નિર્દેશક પા રંજીથની આ ફિલ્મ કર્ણાટકના કોલાર ગોલ્ડ ફિલ્ડમાં સેટ છે.

ટ્રેલરમાં, સ્થાનિક લોકો તેમની જમીન ગેરકાયદેસર રીતે છીનવી લેવા બદલ અંગ્રેજો સામે બળવો કરે છે. તેમાં ષડયંત્ર, રાજનીતિ અને રક્તપાત સામેલ છે. દિગ્દર્શક રંજીથ સરપટ્ટ પરમબરાઈ, કબાલી અને કાલા જેવી હિટ ફિલ્મો માટે જાણીતા છે.

આ ફિલ્મનું નિર્માણ કેઈ જ્ઞાનવેલ રાજાના સ્ટુડિયો ગ્રીન દ્વારા કરવામાં આવ્યું છે. સંગીત જીવી પ્રકાશ કુમારે આપ્યું છે. ચિયાન વિક્રમ ઉપરાંત, આ ફિલ્મમાં માલવિકા મોહનન, પાર્વતી, પશુપતિ, ડેનિયલ કાલ્ટાગીરોન, અર્જુન અંબુદાન અને સંપત રામ પણ મુખ્ય ભૂમિકામાં છે. 'થંગલાન' અગાઉ જાન્યુઆરી ૨૦૨૪માં રિલીઝ થશે તેવું કહેવાતું હતું. પરંતુ પછી કેટલાક કારણોસર મેકર્સે તેની રીલિઝ મોકૂફ રાખી હતી. બાદમાં સમાચાર આવ્યા કે મેકર્સે નવી રિલીઝ ડેટ ૧૫ ઓગસ્ટ નક્કી કરી છે. જો કે આ વાતની પુષ્ટિ થવાની બાકી છે. ચિયાન વિક્રમ છેલ્લે પોનીયિન સેલવાન ૨ માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ ૫ ભાષાઓમાં રિલીઝ થશે.

હલ્દી સેરેમનીમાં રાધિકા મર્ચન્ટે પસંદ કર્યો હતો ફૂલોનો શણગાર

મુંબઈ, તા.૧૧

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની હલ્દી સેરેમની સોમવારે યોજાઈ હતી. રાધિકાએ યલો લહેંગા પર સાચા ટગર અને ગલગોટાના ફુલોની ઓઢણી બનાવીને પહેરી હતી. તેની સાથે તેણે સાચા ટગરનું ચોકર, લાંબો હાર, ઝૂમખાં, અને હાથ ફુલ પણ પહેર્યા હતાં. જેમાં તે પરી જેવી લાગતી હતી. તો નીતા અંબાણીએ આ વખતે હૈદ્રાબાદી ટ્રેડિશનલ ખડા દુપટ્ટા સ્ટાઈલમાં એન્ટિક ઝરીનો ગોલ્ડન ડ્રેસ પહેર્યો હતો. જ્યારે શ્લોકા મહેતા અને ઇશા અંબાણીએ ટ્રેડિશનલ અને કલરફુલ ચણિયાચોળી પહેર્યા હતાં. આ ફંક્શનમાં સલમાન ખાન, સારા અલી ખાન, જાહન્વી કપૂર, અર્જુન કપૂર, અનન્યા પાંડે, માનુષી છિલ્લર અને



રણવીર સિંહ સહિત બોલિવૂડના ઘણા સેલેબ્સ હાજર રહ્યાં હતાં. જે બધાં જ હલ્દી હોલી રમ્યા હોય તેવી તેમની તસવીરો વાયરલ થઈ હતી. આ ઈવેન્ટમાં ઉદિત નારાયણ અને રાહુલ વૈદ્યે પરફોર્મન્સ આપ્યું હતું.

રિતેશ અને જેનિલિયા દેશમુખે અંગદાનની પ્રતિજ્ઞા લીધી

મુંબઈ, તા.૧૧

રિતેશ દેશમુખે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે અંગ દાનની પ્રતિજ્ઞા વિશે વાત કરી હતી. તેના વિશે તેઓ ઘણા લાંબા સમયથી વિચાર કરતા હતાં, તેણે લખ્યું,"કોઈને જીવનની ભેટથી વધુ સારી કોઈ ભેટ ન હોઈ શકે, મેં અને જેનિલિયાએ અમારા અંગોનું દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. અમે આપને વિનંતિ કરીએ છીએ કે આપ પણ આ ઉમદા કાર્યમાં જોડાઓ અને 'જીવન પછી પણ જીવનનો ભાગ બનો.'" રિતેશે આગળ કહ્યું,"અમે આપને જણાવવા માગીએ છીએ કે અમે બંનેએ એક પ્રતિજ્ઞા લીધી છે. અમે બંનેએ અમારા અંગો દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે." જેનિલિયાએ કહ્યું, "હા અમે પ્રતિજ્ઞા લીધી છે અને અમારા માટે જીવનથી મોટી કોઈ બીજી ભેટ નથી." તેથી હવે નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેમના અધિકૃત એક્સ અકાઉન્ટ પર આ કલાકારોનો આભાર માનવામાં આવ્યો હતો. રિતેશ અને જેનિલિયાના આ વીડિયો સાથે લખવામાં આવ્યું હતું, "આભાર, રિતેશ જેશમુખ અને જેનિલિયા, બોલિવૂડ સ્ટાર કપલ, જુલાઈના અંગદાન મહિના દરમિયાન અંગદાનની પ્રતિજ્ઞા લેવા બદલ આપનો આભાર. અન્યોને પણ ઉમદા કાર્યમાં જોડાવા માટે પ્રેરણા આપશે."

SPORTS કોર્નર

ભારતીય ટીમમાં થશે મોટા ફેરફારો...

નવા કોચ ગૌતમ ગંભીર બે દિગ્ગજને લાવવા માંગે છે!

નવી દિલ્હી, તા.૧૧

ગૌતમ ગંભીરની નિમણૂક નવા હેડ કોચઃ ગયા મહિને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીતનાર ભારતીય ટીમમાં હવે મોટો ફેરફાર થયો છે. મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. આવી સ્થિતિમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ હવે તેમના સ્થાને ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે.ભારતીય ટીમ આ જુલાઈના અંતમાં શ્રીલંકાના પ્રવાસે જશે. ગંભીર આ પ્રવાસથી કમાન સંભાળશે. પરંતુ તે પહેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે ટીમમાં હજુ વધુ મોટા ફેરફાર થવાના છે.હકીકતમાં, દ્રવિડની સાથે સપોર્ટ સ્ટાફ, બેટિંગ કોચ વિક્રમ રાઠોડ અને બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે. આ બંને જગ્યાઓ પર પણ નવી ભરતી થવાની છે. આવી સ્થિતિમાં ગંભીરે આ બે પદ માટે BCCIને

પોતાની તરફથી ૨ નામ સૂચવ્યા છે.અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ગંભીરે બોલિંગ કોચ માટે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વિનય કુમારનું નામ સૂચવ્યું છે. તેણે ભારતીય ટીમ માટે ૧ ટેસ્ટ, ૩૮ ODI અને ૯ T20 મેચ રમી છે. વિનય ૨૦૧૩ ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન પણ ભારતીય ટીમનો ભાગ હતો. હાલમાં, વિનય IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે સંકળાયેલો છે અને ILT20માં મુંબઈ અમીરાતનો બોલિંગ કોચ પણ રહી ચૂક્યો છે.એટલું જ નહીં, ગંભીરે બેટિંગ કોચ તરીકે અભિષેક નાયરનું નામ સૂચવ્યું છે. તે હાલમાં આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમના સહાયક કોચ અને એકેડેમી ડિરેક્ટર છે. તમને જણાવી દઈએ કે મુખ્ય કોચ તરીકે ગંભીરનો કોન્ટ્રાક્ટ ૨૦૨૭માં સમાપ્ત થશે. પરંતુ તે પહેલા તેમની પાસે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫, ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ અને ODI વર્લ્ડ કપ ૨૦૨૭ છે.કેટલાક રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાન પણ બોલિંગ કોચની રેસમાં છે. તેનો અર્થ એ છે કે તે બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનું સ્થાન લઈ શકે છે, જોકે આ મામલે અંતિમ નિર્ણય BCCI જ લેશે.

રોહિત શર્મા સપોર્ટ સ્ટાફને ઓછી રકમ મળતા જોઈ ૫ કરોડ છોડવા તૈયાર

નવી દિલ્હી, તા.૧૧

T20 World Cup 2024નો ખિતાબ જીતનારી ભારતીય ટીમને બીસીસીઆઈએ ૧૨૫ કરોડ રૂપિયા ઈનામ આપ્યું છે. આ રૂપિયાની વહેંચણી પર વિવાદ ઊભો થઈ ગયો છે. બીસીસીઆઈએ આ ઈનામમાં ટીમના મુખ્ય કોચને ૫ કરોડ જ્યારે અન્યને ૨.૫૦-૨.૫૦ કરોડ રૂપિયા આપવાની વાત કહી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીતનારી ટીમ ઈંડિયા પર બીસીસીઆઈએ રુપિયાનો વરસાદ કર્યો હતો. બીસીસીઆઈ તરફથી વિજતા ટીમને ૧૨૫ કરોડ રૂપિયાનું પુરસ્કાર આપ્યું છે. બીસીસીઆઈ તરફથી વિજેતા ટીમના તમામ ૧૫ ખેલાડીને ૫-૫ કરોડ રૂપિયા મળવાના છે. તો વળી ટીમના હેડ કોચ રહેલા રાહુલ દ્રવિડને પણ બીસીસીઆઈ તરફથી ૫ કરોડ રૂપિયા આપવાના હતા પણ રાહુલ દ્રવિડે ૫ કરોડ રૂપિયામાંથી ૨.૫૦ કરોડ રૂપિયા લેવાની જ વાત કહી છે.

રાહુલ દ્રવિડે પોતાની ૨.૫૦

કરોડની રકમ એટલા માટે છોડી દીધી કેમ કે દ્રવિડને લાગે છે કે, તેમનો સપોર્ટિંગ સ્ટાફ એટલે કે બેટીંગ, બોલીંગ અને ફિલ્ડીંગ કોચ પણ તેમના જેવા જ છે. એટલા માટે તમામને બરાબર ઈનામ મળવું જોઈએ. હવે જ્યારે રાહુલ દ્રવિડ સાથે રોહિત શર્માએ પણ સહયોગી કોચને પણ ઓછા પૈસા મળવા પર મોટું દિલ રાખ્યું છે. રોહિત શર્માએ એક સ્ટાફથી આ સંદર્ભમાં વાતચીત કરી અને પોતાની ૫ કરોડ રૂપિયાની રકમ છોડવાની વાત કહી છે. રોહિત હાલમાં રજા માણવા માટે વિદેશમાં ગયો છે. તે પાછો આવે પછી ફરી આ મુદ્દો સામે આવી શકે છે.

ભારત અને શ્રીલંકા સીરીઝનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય ટીમ હાલમાં ઝિમ્બાબ્વે સામે સિરીઝ રમી રહી છે. ત્યાર બાદ તેને શ્રીલંકા જવાનું છે. જ્યાં ૩ મેચની ટી૨૦ અને પછી ૩ મેચની વનડે સીરીઝ રમવાની છે.આ બંને સીરીઝનું શિડ્યૂલ જાહેર થઈ ગયું છે.

ગત મહિને જ રોહિત શર્માની કમાનીમાં ભારતીય ટીમે ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો છે. આ ટૂર્નામેન્ટ બાદ તરત કોચ તરીકે રાહુલ દ્રવિડનો કાર્યકાળ ખતમ થઈ ગયો હતો. ત્યારે આવા સમયે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને નવા હેડ કોચ બનાવ્યા છે.

હવે ગંભીર આ શ્રીલંકા પ્રવાસથી પોતાના કોચિંગની શરુઆત કરશે. આપને જણાવી દઈએ કે, ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ શુભમન ગિલની કમાનીમાં યુવા ભારતીય ટીમ ઝિમ્બાબ્વેમાં છે. અહીં બંને ટીમ વચ્ચે ૫ મેચોની ટી૨૦ સીરીઝ રમાઈ રહી છે. ત્યાર બાદ ભારતીય ટીમ શ્રીલંકા જશે. જો કે, હાલમાં શ્રીલંકાના પ્રવાસ

માટે ભારતીય ટીમની જાહેરાત થઈ નથી. કહેવાય છે કે આ અઠવાડીયના અંતમાં ટીમની જાહેરાત થઈ જશે. આ પ્રવાસ માટે ભારતીય ટી૨૦ ટીમની કમાની હાર્દિક પંડ્યાને સોંપી શકે છે. જ્યારે વનડે કમાન કેએલ રાહુલને આપી શકે છે. તેનું કારણ રોહિત શર્માનું આરામ રહેશે. રિપોર્ટ્સ ની વાત માનીએ તો, રોહિત શર્મા હાલમાં આરામ પર છે. જ્યારે તે વર્લ્ડ કપ બાદથી ટી૨૦ ઈન્ટરનેશનલમાં સંન્યાસ લઈ ચુક્યો છે. ત્યારે આવા સમયે ટી૨૦માં હાર્દિક પંડ્યા અને વનડેમાં રાહુલ કમાન હોય શકે છે.

ભારતીય ટીમ આ પ્રવાસની શરુઆત ૨૬ જૂલાઈથી કરશે. ભારત અને શ્રીલંકાની વચ્ચે સૌથી પહેલા ૩ મેચોની ટી૨૦ સીરીઝ રમશે. આ તમામ મેચ પલ્લેકેલમાં ભારતીય સમયાનુસાર સાંજના ૭ વાગ્યાથી રમાશે. ત્યાર બાદ બંને ટીમો વચ્ચે ૩ મેચોની વનડે સીરીઝ રમાશે. ૫ હેલી વન ડે મેચ ૧ ઓગસ્ટે રમશે.

ભારત-શ્રીલંકાનું શિડ્યૂલ

૨૬ જૂલાઈ- પ્રથમ ટી૨૦,
૨૭ જૂલાઈ-બીજી ટી૨૦,
૨૯ જૂલાઈ-ત્રીજી ટી૨૦,
૧ ઓગસ્ટ- પ્રથમ વન ડે, કોલંબો
૪ ઓગસ્ટ- બીજી વન ડે, કોલંબો
૭ ઓગસ્ટ- ત્રીજી વન ડે, કોલંબો

હવે iphone યૂઝર્સ પણ બની રહ્યા છે ફ્રોડનો શિકાર

નવી દિલ્હી, તા.૧૧

ડિજિટલ યુગમાં સ્કેમર્સ રોજ નવી રીતથી લોકોની સાથે ફ્રોડ કરી રહ્યા છે. સાયબર ફ્રોડથી અત્યારસુધી સુરક્ષિત માનતાં આઈફોન યુઝર્સ પણ હવે ફ્રોડનો શિકાર બની રહ્યા છે. જેના માટે કેન્દ્ર સરકારને એલર્ટ જારી કરવુ પડ્યું છે. સાયબર ફ્રોડ કરનારાઓ આઈફોન યુઝર્સને નકલી ઈન્ડિયા પોસ્ટ ડિલિવરી મેસેજ મોકલી સ્કેમ કરી રહ્યા છે. મળેલી માહિતી અનુસાર, ભારતમાં આઈફોન યુજર્સને સરકારે એક નવા ટ્રાન્સનેશનલ સ્કેમ વિશે જાગૃત્તિ અને સુરક્ષા રાખવા સંબંધિત એલર્ટ મોકલ્યું છે. જેમાં જણાવ્યું છે કે, નકલી ઈન્ડિયા પોસ્ટ ડિલિવરી મેસેજ મારફત આઈફોન ડિવાઈસ હેક થઈ શકે છે. તેમજ હેકર યુઝર્સના બેન્ક એકાઉન્ટ ખાલી કરી શકે છે. સાયબર દોસ્ત દ્વારા આઈફોન યુઝર્સને મોકલવામાં આવી રહેલ સિક્યોરિટી એલર્ટ ગયા મહિને એન્ડ્રોઈડ યુઝર્સ સાથે થયેલા ઈન્ડિયા પોસ્ટ દ્વારા જારી કરાયેલ ફેક મેસેજ સ્કેમ જેવું જ છે. સરકાર દ્વારા શેર કરવામાં આવેલા આ એલર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે સ્કેમર્સ યુઝર્સને ફસાવે છે. સ્કેમર્સ આઈફોન યુઝરને મેસેજ મોકલે છે કે, "તમારું પેકેજ વેરહાઉસ પર આવી ગયું છે અને



અમે બે વાર ડિલિવરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અધૂરા સરનામાની માહિતીને કારણે અમે ડિલિવરી કરવામાં અસમર્થ છીએ. કૃપા કરીને લિંક પર ક્લિક કરી ૪૮ કલાકની અંદર તમારી સંપર્ક વિગતો અપડેટ કરવામાં નહીં આવે તો પેકેજ કંપનીમાં પાછું રિટર્ન થઈ જશે.

વેબસાઈટની લિંક પર ક્લિક કરી તમે જેવુ ડિલિવરી સરનામું અને બેક એકાઉન્ટ સંબંધિત માહિતી અપડેટ કરો છો, તે તમામ વિગતોનો ઉપયોગ કરી સ્કેમર્સ થોડા જ સમયમાં તે વ્યક્તિના ખાતામાંથી પૈસા ઉપાડી લે છે. આવી સ્થિતિમાં, સરકાર લોકોને ચેતવણી આપી રહી છે કે તેઓ અજાણ્યા સ્રોતથી આવતા મેસેજમાં આપવામાં આવેલી કોઈપણ લિંક પર ક્યારેય ક્લિક ન કરે.

સરકાર લોકોને સુરક્ષા એલર્ટ મોકલીને જણાવે છે કે આ ચેતવણી ગંભીર છે. આ નકલી મેસેજના કારણે, તમે ઈન દ્વારા નકલી વેબસાઈટ્સ પર વ્યક્તિગત વિગતો શેર કરી છેતરપિંડી નો ભોગ બની શકો છો. તેથી લોકોને આવા મેસેજથી સાવધ રહેવા માટે કહેવામાં આવી રહ્યું છે.

કેન્દ્ર સરકારના સાયબર સિક્યોરિટી ડિવિઝન સાયબર દોસ્ત તરફથી આઈફોન યુઝર્સને એલર્ટ મોકલવામાં આવ્યો છે. સામાન્ય રીતે આઈફોન અત્યંત સુરક્ષિત ડિવાઈસ ગણાય છે. પરંતુ પેગાસસ સ્પાયવેર જેવા કિસ્સાઓએ આઈફોન યુઝર્સનો તણાવ વધાર્યો છે. ભારતમાં આઈફોન યુઝર્સ સાથે છેતરપિંડી થઈ રહી છે.

ભારત સરકારે આઈફોન યુઝર્સને ચેતવણી આપી છે કે તેઓ આવા મેસેજથી દૂર રહે. આ સાથે જો તેમને આવો કોઈ મેસેજ મળે તો તેની જાણ કરવા પણ કહેવામાં આવ્યું છે.

- કોઈપણ અજાણી લિંક પર ક્લિક કરવાનું ટાળો.

- આવા સંદેશાઓ માટે રીડ રિસિપ્ટ સેટિંગને અક્ષમ કરો.

જો તમે આવી ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો શિકાર બનો છો, તો તરત જ ૧૯૩૦ પર કૉલ કરી તમારી ફરિયાદ નોંધાવો.

બ્રિટિશ સાંસદ શિવાની રાજાએ શ્રીમદ ભાગવત ગીતા લઈને લીધા શપથ

લંડન, તા.૧૧

બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં કીર સ્ટાર્મરની લેબર પાર્ટીએ પ્રચંડ જીત મેળવી છે. ૧૪ વર્ષ વિપક્ષમાં બેઠા બાદ લેબર પાર્ટીની સત્તામાં વાપસી થઈ છે. આ ચૂંટણીમાં ગુજરાતી મૂળની શિવાની રાજા ખુબ ચર્ચામાં રહી. શિવાની રાજાએ લીસેસ્ટર ઈસ્ટ સીટથી કન્ઝર્વેટિવ પાર્ટી માટે ઐતિહાસિક જીત મેળવી છે. આ સીટ પર લેબર પાર્ટીનું ૩૭ વર્ષનું વર્ચસ્વ ધ્વસ્ત થયું. તેઓ ભારતીય મૂળના રાજેશ અગ્રવાલ સામે ચૂંટણી લડ્યા હતા. શિવાની રાજાએ બ્રિટનની સંસદમાં હાથમાં ગીતા પકડીને શપથ લીધી.

બ્રિટનના સાંસદ તરીકે શપથ લીધા બાદ શિવાની રાજાએ માઈક્રો બ્લોગિંગ સાઈટ એક્સ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે લીસેસ્ટર ઈસ્ટના પ્રતિનિધિત્વ કરવા માટે સંસદમાં શપથ લેવી એ સન્માનની વાત છે. મને ગીતા પર મહામહિમ રાજા ચાર્લ્સ પ્રત્યે પોતાની નિષ્ઠાની શપથ લેવા પર વાસ્તવમાં ગર્વ છે. શિવાનીની જીત લીસેસ્ટર સીટીના હાલના ઈતિહાસને જોતા ખુબ મહત્વની છે. કારણ કે અહીં ૨૦૨૨માં ભારત વિરુદ્ધ પાકિસ્તાન ટી૨૦ એશિયા કપ મેચ બાદ ભારતીય હિન્દુ સમુદાય અને મુસલમાનો વચ્ચે સંઘર્ષ થયો હતો. શિવાની વિશે વાત કરીએ

તો શિવાની રાજાનો પરિવાર મૂળ દીવનો છે. શિવાની રાજાએ ચૂંટણી માં ૧૪૫૨૬ મત મેળવ્યા. તેમણે લંડનના પૂર્વ ડેપ્યુટી મેયર રાજેશ અગ્રવાલને હરાવ્યા. જેમને ૧૦૧૦૦ મત મળ્યા હતા. આ જીત એટલા માટે પણ મહત્વપૂર્ણ હતી કારણ કે લીસેસ્ટર ઈસ્ટ ૧૯૮૭થી લેબર પાર્ટીનો ગઢ રહ્યો છે. શિવાનીની જીતે ૩૭ વર્ષમાં પહેલીવાર આ મતવિસ્તારમાં એક ટોરીને સીટ અપાવી છે.

શિવાની રાજા ઉપરાંત યુકે માં ૪ જુલાઈએ થયેલી સામાન્ય ચૂંટણીમાં ૨૭ અન્ય ભારતીય મૂળના સાંસદ હાઉસ ઓફ કોમન્સ માટે ચૂંટાઈ આવ્યા છે. આ બધા વચ્ચે બ્રિટનની ચૂંટણીમાં લેબર પાર્ટીના સત્તામાં આવ્યા બાદ સેંકડો નવા ચૂંટાયેલા સાંસદો ઉત્સાહપૂર્વક સંસદ પહોંચ્યા. નવા હાઉસ ઓફ કોમેન્સમાં અત્યાર સુધીમાં ચૂંટાઈ આવેલી મહિલાઓની સંખ્યા સૌથી વધુ ૨૬૩ છે.

માનવ અંગોની તસ્કરીના કૌભાંડનો પર્દાફાશ કરાયો

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી પોલીસ દ્વારા માનવ અંગોની તસ્કરીના કૌભાંડનો પ ર્દાફાશ કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે બાંગ્લાદેશ અને દિલ્હી-દ્રઝઇમાં ચાલતા કથિત માનવ અંગોની તસ્કરીના રેકેટમાં આજે ગુરુવારે બાંગ્લાદેશી માસ્ટરમાઈન્ડ અને દિલ્હી સ્થિત ડૉક્ટર સહિત ઓછામાં ઓછા છ લોકોની ધરપ કડ કરી છે. મહિલા ડૉક્ટર જે હવે દક્ષિણપૂર્વ દિલ્હીની એક જાણીતી હોસ્પિટલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે કામ કરે છે, તેણી કથિત રીતે ૨૦૨૧ અને ૨૦૨૩ વચ્ચે બાંગ્લાદેશના કેટલાક લોકોની સર્જરીમાં સામેલ હતી તેમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક ગુપ્ત સૂચનાના આધારે બે મહિનાથી આ કેસ પર કામ કરી રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોટાભાગના ડોનર અને રિસીવર બાંગ્લાદેશથી છે જેમને સર્જરી માટે બનાવટી દસ્તાવેજોના આધાર પર ભારતમાં લાવવામાં આવ્યા હતા. મહિલા ડૉકટરે કથિત રીતે નોઇડા સ્થિત ખાનગી હોસ્પિટલમાં સર્જરી કરતી હતી જ્યાં તે મુલાકાતી સલાહકાર હતી. આ ઉપરાંત ધરપ

કડ કરાયેલા ડોકટરના એક સહાયક અને ત્રણ બાંગ્લાદેશી નાગરિકો સહિત ચાર અન્યની પણ ધરપ કડ કરવામાં આવી છે. છેલ્લા બે સપ્તાહના સમયગાળામાં આ ધરપ કડ કરવામાં આવી હતી.

૨૦૧૯થી ચાલી રહેલા આ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ રેકેટ અંગે દિલ્હી પોલીસ કમિશ્નર અમિત ગોયલે કહ્યું કે, "તેઓ દરેક ટ્રાન્સપ્લાન્ટ માટે ૨૫-૩૦ લાખ રૂપિયા ચાર્જ કરતા હતા.જે ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે તેના બે-ત્રણ હોસ્પિટલો સાથે કનેક્શન છે. આ કેસમાં તેણી જાણતી હતી કે ડોનર અને રિસીવર લોહીથી સંબંધિત નથી તેમ છતાં તેણી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટમાં મદદ કરતી હતી તેથી આ કૃત્ય ડૉક્ટરને કાવતરાનો એક ભાગ બનાવે છે."

હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ એક્ટ ઓફ ઈન્ડિયા (૨૦૧૪) એક્ટ મુજબ, અંગ દાન માત્ર માતા-પિતા અને ભાઈ-બહેન જેવા નજીકના લોહીના સંબંધીઓ પાસેથી જ થઈ શકે છે. કોઈપણ ભારતીય જીવંત ડોનર વિદેશી રિસીવરને તેના અંગોનું દાન કરી શકે નહીં સિવાય કે તે રિસીવરનો નજીકનો સંબંધી હોય. તેમજ આ ટ્રાન્સપ્લાન્ટને માન્ય ગણવા માટે રિસીવર અને ડોનર વચ્ચેના સંબંધને રિસીવરના દૂતાવાસે પ્રમાણિત કરવું આવશ્યક છે. આ કિસ્સાઓ પણ ત્યારે જ ગણવામાં આવે છે જ્યારે કોઈ ભારતીય દર્દી અંગ દાન માટે લાયક ન હોય.

આસામ સરકારે વિશેષ રજા યોજનાની જાહેરાત કરી

દીસપુર, તા.૧૧

આસામ સરકારે તેના સરકારી કર્મચારીઓ માટે આજે ગુરુવારે વિશેષ રજા યોજનાની જાહેરાત કરી છે, જેના હેઠળ તેઓ તેમના માતા-પિતા અને સાસુ-સસરા સાથે સમય વિતાવી શકે છે. આ યોજનાનો ઉદ્દેશ્ય પારિવારિક સંબંધોને મજબૂત કરવાનો અને કર્મચારીઓને તેમના પરિવાર સાથે સમય પસાર કરવાની તક પૂરી પાડવાનો છે. આ વાત છે ઉત્તર-પૂર્વીય રાજ્ય આસામની. જ્યાંના મુખ્યમંત્રી કાર્યાલયએ જણાવ્યું કે, આ વિશેષ રજાનો ઉપયોગ વ્યક્તિગત મનોરંજન માટે કરી શકાતો નથી અને જે કર્મચારીઓના માતા-પિતા અથવા સાસુ-સસરા નથી તેઓને આ રજા મળશે નહીં. આસામ સરકારે તેના કર્મચારીઓને માતા-પિતા અથવા સાસરિયાઓ સાથે સમય પસાર કરવા માટે નવેમ્બરમાં બે દિવસની વિશેષ કેઝ્યુઅલ રજાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી કાર્યાલયએ આજે ગુરુવારે જણાવ્યું હતું કે, વ્યક્તિગત મનોરંજન માટે વિશેષ રજાનો ઉપયોગ કરી શકાતો નથી અને જે કર્મચારીઓના માતા-પિતા અથવા સાસરિયાં નથી તેઓ આ રજા માટે હકદાર રહેશે નહીં.

CMO X પર એક પોસ્ટમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વની આસામ સરકારે ૬ અને ૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ રાજ્ય સરકારના કર્મચારીઓને તેમના માતા-પિતા અથવા સાસુ-સસરા સાથે સમય સમય પસાર કરવા માટે વિશેષ કેઝ્યુઅલ રજા આપવાની જાહેરાત કરી છે." વધુમાં જણાવ્યું છે કે, આ રજાઓનો ઉપયોગ માત્ર વૃદ્ધ માતા-પિતા અથવા સાસુ-સસરાઓ સાથે સમય પસાર કરવા માટે થવો જોઈએ અને વ્યક્તિગત મનોરંજન માટે નહીં, જેથી તેઓનો આદર કરી શકાય અને કાળજી રાખી શકાય."

CMOએ જણાવ્યું કે, આ રજાઓ ૭ નવેમ્બરે છઠ પૂજા, ૯ નવેમ્બરે બીજા શનિવારની રજા અને ૧૦ નવેમ્બરે રવિવારની રજા સાથે લઈ શકાય છે. વધુમાં જણાવ્યું કે, આવશ્યક સેવાઓમાં કામ કરી રહેલા કર્મચારીઓ આ રજાઓ તબક્કાવાર લઈ શકે છે.

અદાણી ગ્રુપના બંદર પર પ્રથમ મધરશિપ સાન ફર્નાન્ડો

તિરુવનંતપુરમ, તા.૧૧

કેરળના કોવલમ બીચ નજીક ભારતના પ્રથમ ટ્રાન્સ-શિપમેન્ટ અદાણી ગ્રૂપના વિઝીનજામ ઈન્ટરનેશનલ બંદરે આજે ગુરુવારે મધરશિપ સાન ફર્નાન્ડો પહોંચ્યું હતું. વિશ્વની બીજી સૌથી મોટી શિપિંગ કંપની મર્કર્સના જહાજ 'સાન ફર્નાન્ડો' એ ૧,૦૦૦થી વધુ કન્ટેનર સાથે બંદર પર પહોંચીને ઈતિહાસ રચ્યો હતો. આ વિશાળ જહાજનું પરંપરાગત સલામી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે સફળતાપૂર્વક બર્થ પર પહોંચ્યું હતું. આ પ્રસંગે કેરળના બંદર મંત્રી વી.એન. વસાવા, અદાણી પોર્ટના અધિકારીઓ અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપ સ્થિત રહ્યા હતા, જેમણે મધરશિપનું સ્વાગત કર્યું હતું.

પ્રથમ મધરશિપના આગમન સાથે, અદાણી ગ્રુપના વિઝીનજામ પોર્ટે ભારતને વૈશ્વિક શિપિંગ વ્યવસાયના લેવલ પર લાવી દીધું છે. આ રીતે આ બંદર વૈશ્વિક સ્તરે છઠ્ઠા કે સાતમા સ્થાને હશે. શુક્રવારે યોજાનારા સમારોહમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ, કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન અને અદાણી પોર્ટ્સ એન્ડ SEZ લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી હાજર રહેશે. સત્તાવાર ઉદ્ઘાટન બાદ તરત જ મધરશિપ કોલંબો માટે રવાના થશે. આ પછી ઘણા બધા બીજા જહાજો સામાન લઈને અહીં આવવાના છે.આ સાથે પોર્ટના પ્રથમ તબક્કાનું કામ શુક્રવારે જ સત્તાવાર રીતે પૂર્ણ થશે. આ પોર્ટ પર ૩,૦૦૦ મીટર બ્રેકવોટર અને ૮૦૦ મીટર કન્ટેનર બર્થ હવે સંપૂર્ણપણે તૈયાર છે. કનેક્ટિવિટી માટે ૧.૭ કિમીનો એપ્રોચ રોડ પણ લગભગ તૈયાર છે. આ ઉપરાંત ઓફિસ અને સિક્યોરિટી એરિયા પણ તૈયાર છે અને વીજલાઈનો પણ પહોંચી ગઈ છે. આ બંદરની વિશેષતા એ છે કે, તે દેશનું પ્રથમ અર્ધ-સ્વચાલિત કન્ટેનર ટર્મિનલ છે અને તે હાઈડ્રોજન અને એમોનિયા જેવા સ્વચ્છ અને લીલા ઈંધણની સપ્લાય કરતું વૈશ્વિક બંકરિંગ હબ પણ હશે. બંદર પર સંપૂર્ણ વ્યવસાયિક પ્રવૃત્તિઓ થોડા મહિનામાં શરૂ થવાની છે. પ્રોજેક્ટનો બીજો અને ત્રીજો તબક્કો ૨૦૨૮માં પૂર્ણ કરવાની યોજના છે અને તે વિશ્વના સૌથી હરિયાળા બંદરોમાંનું એક બનશે. યુરોપ, પર્સિયન ગલ્ફ અને ફાર ઈસ્ટને જોડતા આંતરરાષ્ટ્રીય શિપિંગ માર્ગોથી આ બંદર વ્યૂહાત્મક રીતે માત્ર ૧૦ નોટિકલ માઈલ દૂર સ્થિત છે.

૧,૦૦૦થી વધુ કન્ટેનર સાથે બંદર પર આવ્યું જહાજનું પરંપરાગત સલામી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે સફળતાપૂર્વક બર્થ પર પહોંચ્યું

માતા-પિતા પાસે ૪૦ કરોડ સંપત્તિ, પોતે નોન ક્રીમિલેયર ઉમેદવાર

મહિલા IAS પૂજા ખેડકરે મુદ્દે ઘટસ્ફોટ

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રની ચર્ચિત IAS અધિકારી પૂજા ખેડકરે સિવિલ સેવા પરીક્ષા પાસ કરવા માટે પોતાને નોન ક્રીમિલેયર ઓબીસી ઉમેદવાર ગણાવી હતી. જોકે તેના પિતાએ પોતાના ચૂંટણી સોગંદનામામાં ૪૦ કરોડ રૂપિયાની સંપત્તિ જણાવી હતી. દરમિયાન IAS પૂજાના ઓબીસી નોન ક્રીમિલેયર ઉમેદવાર હોવા પર સવાલ ઉઠી રહ્યાં છે કે જો કોઈ ઉમેદવારના પિતાની સંપત્તિ ૪૦ કરોડ રૂપિયા હોય તો તેમની સંતાનને ઓબીસી નોન ક્રીમિલેયર કેવી રીતે માની શકાય છે.

ચૂંટણી સોગંદનામા અનુસાર પૂજા ખેડકરના પેરેન્ટ્સ પાસે ૧૧૦ એકર કૃષિ જમીન છે, જે કૃષિ જમીન ટોચમર્યાદા કાયદાનું ઉલ્લંઘન કરે છે. આ સિવાય ૬ દુકાનો, સાત ફ્લેટ (એક હીરાનંદાનીમાં), ૯૦૦ ગ્રામ સોનું, હીરા, ૧૭ લાખની સોનાની ઘડિયાળ, ચાર કાર છે. આ સાથે જ બે પ્રાઈવેટ કંપનીઓ અને એક ઓટોમોબાઈલ ફર્મમાં ભાગીદારી છે. એટલું જ નહીં પોતે IAS પૂજા ખેડકરની પાસે ૧૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે. એટલું જ નહીં એ પણ સામે આવ્યું છે કે પૂજા ખેડકરે યુપીએસસીને સોંપેલા સોગંદનામામાં પોતે દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત અને માનસિક રીતે બિમાર હોવાનો દાવો કર્યો હતો. ખેડકરે આ દિવ્યાંગતા સર્ટિફિકેટનો ઉપયોગ UPSCમાં સિલેક્શન માટે વિશેષ છૂટછાટો પ્રાપ્ત કરવા માટે કર્યો હતો. સિવિલ સેવા પરીક્ષામાં ઓછા માર્ક્સ પ્રાપ્ત કર્યા બાદ પણ છુટછાટોના કારણે પૂજા ખેડકરે પરીક્ષા પાસ કરી લીધી.

પૂજા ખેડકરે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષામાં ૮૪૧મો રેન્ક મેળવ્યો હતો. પૂજાની માતા અહમદનગર જિલ્લાના ભાલગાંવ ના સરપંચ છે. પૂજાના પરિવારમાં તેમના પિતા અને દાદા બંને વહીવટી સેવાઓમાં રહ્યાં છે. તેમના પિતાએ તો પૂણેમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે પણ કામ કર્યું. IAS પૂજા ખેડકરની પૂણેથી વાશિમ જિલ્લામાં ટ્રાન્સફર કરી દેવાઈ છે.

મહા કુંભ ૨૦૨૫ની તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલુ

ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને અનેક સુવિધાઓમાં સુધારો કરવામાં આવી રહ્યો છે

લખનૌ,તા.૧૧

વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં કુંભના મહાકુંભનું આયોજન કરવામાં આવશે. મહાકુંભની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ અંગે પ્રયાગરાજ ડિવિ ઝનલ કમિશનર અને પ્રયાગરાજ ફેર ઓથોરિટીના ચેરમેન વિજય વિશ્વાસ પંતે જણાવ્યું હતું કે, "વર્ષ ૨૦૨૫માં મહા કુંભનું આયોજન થવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રીની સૂચના મુજબ તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મહા કુંભની તૈયારીઓ કરવામાં આવી રહી છે. છેલ્લા ૨ વર્ષથી અહીં રસ્તા પહોળા કરવામાં આવી રહ્યા છે, સુવિધાઓમાં સુધારો કરવામાં આવી રહ્યો છે, ભારે પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવશે, અમે છેલ્લા દોઢ વર્ષથી તેમની તાલીમ, ટ્રાફિક વ્યવસ્થા વગેરેની તૈયારીઓ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે હાલ તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અમારા મૂલ્યાંકન મુજબ, મહાકુંભ માટે લગભગ ૨૫ લાખ ભક્તો બહારથી આવશે. ઘણા અખાડા છે જ્યાં તેઓ રોકાય છે, કેટલાક ભક્તો હોટલોમાં પણ રોકાય છે. આ ઉપરાંત, આ વખતે અમે એક અસ્થાયી ટેન્ટ સિટી પણ બનાવવા જઈ રહ્યા છીએ જેમાં લગભગ ૨ હજાર રૂમ હશે, અમે પ્રવાસન વિભાગનો સંપર્ક કરીને તેની સંખ્યા વધારીશું. સ્વચ્છતાના દૃષ્ટિકોણથી, આ વખતે અહીં ૧૦ હજારથી વધુ સફાઈ કામદારો હશે અને ૨૫ હજારથી વધુ ડબ્બાઓ અહીં લગાવવામાં આવશે અને તેનું વાસ્તવિક સમય પર દેખરેખ રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે પ્રયાગરાજ મહાકુંભ ૨૦૨૫ એક મહત્વપૂર્ણ ધાર્મિક તહેવાર છે. આ ફેસ્ટિવલ ૧૩ જાન્યુઆરીથી ૨૪ એપ્રિલ, ૨૦૨૫ વચ્ચે યોજાશે. તમને જણાવી દઈએ કે મહાકુંભનું આયોજન ૧૨ વર્ષમાં માત્ર એક જ વાર થાય છે. મહાકુંભ દરમિયાન દુનિયાભરમાંથી લોકો સ્નાન કરવા આવે છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૩માં પ્રયાગરાજમાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી, વર્ષ ૨૦૧૯ માં, પ્રયાગરાજમાં અર્ધ કુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહા કુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ છે. મૌની અમાવસ્યા ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ છે.

ગાંધીધામ જીયો કંપનીના સેલ્ટર કેબીનમાં ચોરી કરનાર ઝડપાયો

ગાંધીધામ તા.૧૧

અહીંના ટાગોર રોડ પર બીએસએનએલ એક્ષચેન્જમાં આવેલ જીયો કંપનીના સેલ્ટર કેબીનમાં થયેલ ચોરીનો ભેદ બી ડિવીઝન પોલીસે ઉકેલી એક ઈસમને પકડી પાડ્યો હતો. ગાંધીધામ બી ડીવીઝન પોલીસ પોલીસ ઈન્સપેક્ટર એસ.વી. ગોજીયાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ગાંધીધામ બી ડીવીઝન પો.સ્ટે. માં નોંધાયેલ ગુના મુજબ બી.એસ. એન.એલ એક્ષચેન્જ બિલ્ડીંગની અંદર આવેલ જીયો કંપનીના ટાવરના સેલ્ટર કેબીનમાથી ચોરી કરનાર આરોપી કમલેશ લીલુભાઈ દેવીપુજકને પકડી પાડી ચોરીમાં ગયેલ મુદામાલ બેટરી

નંગ-૧ કિ.રૂ.૧૭,૦૦૦ અને સિગ્નલ કાર્ડ નંગ.૨ કિ.રૂ.૧,૯૦,૦૦૦ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપી હરેશ અમ્રુતભાઈ પંડયાનું નામ ખુલતા તેની ધરપકડ કરવાની બાકી છે.

અમેરિકામાં, એક ૫૪ વર્ષની મહિલાને

ડુક્કરની કિડની અને હૃદય ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું...

ન્યુ જર્સી, તા.૧૧

ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનોને હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બીમારી હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. હાર્ટ અને કિડની ફેલ થવાને કારણે શસ્ત્રક્રિયા દ્વારા ડુક્કરના અંગો તેમનામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા. થોડા મહિના પહેલા અમેરિકામાં એક મહિલાની સર્જરી કરવામાં આવી હતી અને તેનામાં એક ડુક્કરની કિડની અને હાર્ટ ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ પ્રકારનો આ પ્રથમ પ્રસંગ હતો, જ્યારે માનવમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. હવે સમાચાર છે કે આ મહિલાનું મૃત્યુ થયું છે.આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. ન્યુ જર્સી ની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનોને હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બીમારી હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. હાર્ટ અને કિડની ફેલ થવાને કારણે શસ્ત્રક્રિયા દ્વારા ડુક્કરના અંગો તેમનામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ, ૪ એપ્રિલે લિસાના શરીરમાં હાર્ટ પંપ લગાવવામાં આવ્યો હતો અને ૧૨ એપ્રિલે તેના શરીરમાં ડુક્કરની થાઈમસ ગ્રંથિની સાથે જીન-એડિટેડ પિગની કિડની ઈમ્પ્લાન્ટ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે વિશ્વમાં પહેલીવાર માર્ચ મહિનામાં મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ૬૨ વર્ષના રિક સ્લેમેનને જીવિત વ્યક્તિના રૂપમાં ડુક્કરની કિડની ઈમ્પ્લાન્ટ કરવામાં આવી હતી. જે આ મહિને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ઘરે પણ પહોંચી ગયા છે. જો કે, જ્યારે બચી ગયેલા બે લોકોને ડુક્કરની કિડની આપવામાં આવી હતી, ત્યારે તેઓ થોડા અઠવાડિયામાં મૃત્યુ પામ્યા હતા.અમેરિકામાં, અંગ દાતાઓની સંખ્યા કરતાં અંગ મેળવનારાઓની સંખ્યા ઘણી વધારે છે. અહેવાલો અનુસાર, અમેરિકા માં દરરોજ ૧૭ લોકો અંગની રાહ જોતા મૃત્યુ પામે છે. અહીં કિડનીની માંગ સૌથી વધુ અને પુરવઠો સૌથી ઓછો છે. ઓર્ગન પરચેઝ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ નેટવર્ક અનુસાર, ૨૦૨૩માં લગભગ ૨૭ હજાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી પરંતુ લગભગ ૮૯ હજાર લોકો તે અંગોની રાહ જોઈ રહ્યા હતા.

સાઉદી એરલાઈન્સના પ્લેનમાં આગની ઘટના, પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ

ફ્લોરિડા, તા.૧૧

ફ્લોરિડાના એરપોર્ટ પરથી ઉડ્ડન વખતે અમેરિકન એરલાઈન્સના વિમાનના ટાયરો ફાટવાની દુર્ઘટના બની છે. આ વિમાન જ્યારે ટેક ઑફ કરી રહ્યું હતું, ત્યારે અચાનક આ દુર્ઘટના બની છે. જોકે પાયલોટે સમયસૂકતા દાખવતા મોટી દુર્ઘટના ટળી છે. મળતા અહેવાલો મુજબ આજે ફ્લોરિડાના એરપોર્ટ પર અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ ટેક ઑફ થઈ રહી હતી, ત્યારે અચાનક વિમાનના ટાયરો ફાટી ગયા હતા. ટેક ઑફ થવાની થોડીંક જ સેકન્ડોમાં ટાયર ફાટકા ઓથોરિટી સહિત મુસાફરો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. જોકે પાયલોટે સમયસર વિમાન પર કાબુ મેળવી લેતા ૧૭૬ મુસાફરો ના જીવ બચી ગયા છે. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં ફ્લાઈટ ટેક ઑફ થતી જોવા મળી રહી છે. આ દરમિયાન ટેક ઑફ થતા પહેલા જ વિમાનના ટાયર ફાટી જાય છે અને ફ્લાઈટને તુરંત અટકાવવી પડી છે. અમેરિકન એરલાઈન્સના વિમાનની આજે મોટી દુર્ઘટના ટળી છે.

મુન્દ્રામાં ગેસ લાઇન લીકેજથી દોડધામ

મુન્દ્રાના જીરો પોઇન્ટ વિસ્તાર માં ગુરૂવારે સવાર ના અરસામાં માર્ગ મકાન વિભાગના સ્ટાફ દ્વારાવહેણ નો માર્ગ બંધ હોવા થી તેને જેસીબી થી ખુલ્લો કરવાનુ કામ ચાલુ હતુ ત્યારે જ બાજુ માં ગુજરાત ગેસની ગેસ પાઇપ લાઇનમાં અચાનક જેસીબી નો આગળ નો દાંતરડો લાગી જતા થોડા સમય માટે ગેસ પાઇપ લાઇનમાં લીકેજ થયુ હતુ. જેને પગલે ભારે દોડધામ મચી હતી. જો કે ગેસ એજન્સીના લોકો તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને લાઇન લીકેજ બંધ થતા મોટી જાન હાનિ ટળી હતી.ગેસ પાઇપ લાઇન તાત્કાલિક રિપેર કરવામાં આવી હતી માર્ગ મકાન વિભાગ સ્ટેટના એફ.વી.શેઠિય

સંક્ષિપ્ત સમાચાર

ભારત વિકાસ પરિષદ દ્વારા રાપરમાં હેલ્થ પરિક્ષણ કેમ્પ યોજાયો

રાપર તા.૧૧

ભારત વિકાસ પરિષદના સંસ્થાપક ડો.સુર્યપ્રકાશજીની જન્મ જયંતિ સેવા પખવાડીયા તરીકે ઉજવવાનું નક્કી થયા મુજબ સેવા સાધના છાત્રાલય (રાપર) મધ્યે વિધાર્થીઓ માટે હેલ્થ પરિક્ષણ કેમ્પ યોજાયો હતો.

દિપ પ્રાગટય અને વંદે માતરમ્ ગાન બાદ હેલ્થ કેમ્પનો પ્રારંભ થયો હતો જેમાં ૧૦૦ વિધાર્થીઓનું સ્વાસ્થ્ય પરિક્ષણ કરવા સાથે આરોગ્ય ચકાસણી કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતાં, જે કાર્ડ લઈ ભારત વિકાસ પરિષદ-રાપર શાખા સાથે સંલગ્ન હોસ્પીટલ પાસે જશે તો એ ડોક્ટરને કન્સલ્ટન્ટીંગ ફી નહી આપવી પડે અને આવા દર્દીને લાઈનમાં પણ બેસવું નહી પડે. એક વર્ષમાં દર ચાર મહિને આવા ત્રણ કેમ્પ યોજવામાં આવશે. સંસ્થાના પ્રમુખ પોતે ડોક્ટર હોઈ તેમણે પણ સેવા આપી હતી સાથે ડો.પ્રત્યુશ રોનક, ડો. નિલેશભાઈએ સેવાઓ આપી હતી. હેલ્થ પરિક્ષણ કેમ્પના સંયોજક ચંદ્રેશ દરજીએ જહેમત ઉઠાવી હતી, મહાવીર આરોગ્ય કેન્દ્રના સ્ટાફ સહયોગી રહ્યો હતો. સેવા સાધના છાત્રાલયના ખીમજી મીણાત, રોહિત ઠક્કર, ડાહ્યાભાઈ ઠાકોર સહયોગી રહ્યા હતા, કેમ્પ બાદ વિધાર્થીઓને ભોજન આપવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદ રાપર શાખાના હોદેદારો અને સભ્યો હાજર રહ્યા હતાં.

જૈન સંતોના ચાતુર્માસ પ્રવેશ નિમિતે ભુજમાં વિવિધ સેવા કાર્યો કરાયા

ભુજ તા.૧૧

જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે આરાધના જૈન સંઘમાં સંતોના ચાતુમાર્સ પાવન પ્રવેશ નિમિતે તેની ખુશાલીમાં વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા. કરૂણાધામ હોસ્પિટલમાં ૭૪ મણ લીલાચારાનું નિરણ, શ્વાનોને દૂધ રોટલી, પક્ષીને ચણ તેમજ શ્રમજીવી વિસ્તારોમાં મિષ્ટાન અને હોસ્પિટલમાં દર્દીઓને ફુટનું વિતરણ કરાયું, આ સેવા પ્રોજેકટનો લાભ દાતા રસીલાબેન પ્રદીપ દોશી પરિવારે લીધો હતો.

સંસ્થાના પ્રમુખ વી.કે. મહેતા ના નેતૃત્વમાં પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી, મનીષ મહેતા, પ્રદિપ દોશી, કે.બી. પરમાર વગેરે કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી.

નાના અંગિયાના વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક ઝબલા નહીં વાપરવા સંકલ્પ લિધો

આણંદપર(યક્ષ) તા.૧૧

નખત્રાણા તાલુકાના નાના અંગિયા શાળાના વિધાર્થીઓએ "પ્લાસ્ટિક બેગ ફ્રી ડે " ઉજવીએ સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ, ઝબલા ન વાપરવાનો તેમજ પોતાના પરિવાર અને ફળિયાના લોકોને પણ પ્લાસ્ટિક ઝબલા ન વાપરવાની સલાહ આપવાનો સંકલ્પ લિધો હતો.

પ્લાસ્ટિકની શોધ થયા બાદ આજે પ્લાસ્ટિક આપણા જીવનમાં વણાઈ ગયું છે રોજિંદા જીવનમાં દરરોજ પ્લાસ્ટિક બેગ ઝબલાનો ઉપયોગ બંધ કરવા માટે બજારમાં ખરીદી કરવા જતી વખતે સાથે કાપડની થેલી લઈ જવા માટેનો સંકલ્પ લેવામાં આવ્યો હતો નાના અંગીયા શાળાના મદદનીશ શિક્ષક વિશાલ જોશીએ જણાવ્યું હતું કે વધેલો ખોરાક, એઠવાડ જેવી ખાધ સામગ્રી સાથે મૂંગા પશુઓ પ્લાસ્ટિકના ઝબલા આરોગી જાય છે, જેના કારણે અવારનવાર મૂંગા પશુઓના મૃત્યુ થતાં હોય છે, પ્લાસ્ટિકના ઝબલાનો ઉપયોગ સહેલો છે પણ તેનું વિઘટન થતું નથી.એટલું જ નહિ પણ, પ્લાસ્ટિકના કારણે જમીન પ્રદૂષિત થાય છે જેની અસર લાંબા ગાળા સુધી પડતી હોય છે.

કચ્છની બે સેવા સહકારી મંડળી ફડચામાં લઈ જવાઈ

ભુજ તા.૧૧

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભુજના અંતિમ આદેશ મુજબ શ્રી બાયઠ સેવા સહકારી મંડળી લી.મું બાયઠ, તાલુકો માંડવી તથા શ્રી રોનક ક્રેડિટ કો.ઓપ.સોસાયટી લી,મું. ગાંધીધામ, તાલુકો ગાંધીધામને ફડચામાં લઈ જવામાં આવેલી છે. આ મંડળી પાસે જેમનું કંઈ લેણું હોય તેમણે તેમનો હિસાબ/ જરૂરી આધાર પુરાવા સાથે આ નોટીસથી ૬૦ દિવસમાં જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી પાસે નોંધ કરાવવી અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવી. જો કોઈ રજૂઆત કરવામાં નહીં આવે તો મંડળીના દફતર મુજબની જે કંઈ બાકી હશે તે મુજબ આગળની ફડચો આટોપવાની કાર્યવાહી કરાશે. આ સાથે મંડળીના બાકીદારોએ તુરંત જ મંડળીનું ચુકતે લેણું ભરી જવા ફડચા અધિકારી અને સહકારી અધિકારી(ફડચો)ની અખબારી યાદીમાં જણાવાયું છે.

પશુડા ગ્રામ પંચાયત અલગ થયા પછી ત્રણ વરસે પંચાયતનું મકાન ન બન્યું

આવક કે જાતિના દાખલા માટે લોકોને ૨૫ કી.મી. દૂર અંજાર જવું પડે છે, સરકારની કોઈ યોજનાનો લાભ નહીં, ત્રણ વર્ષમાં કોઈ વિકાસના કામ નથી થયા, ગતિશીલ સરકારમાં ત્રણ વરસ પછી પણ બધી પ્રોસીજર આજે પણ અદ્ધરતાલ !

ભુજ તા.૧૧

અંજાર તાલુકાની ભીમાસર જુથ ગ્રા.પં.માંથી ત્રણ વર્ષ પહેલાં પશુડા અલગ ગ્રામ પંચાયત બની, પછી તંત્રની કિન્નાખોરીનું ભોગ બન્યું હોય તેમ તેને નથી આઈ.ડી. કોડ મળ્યો, નથી કોઈ નાણાપંચના કે અન્ય કોઈ પણ વિકાસના કામો થયા, કંટાળીને સરપંચ અને ઉપસરપંચ બન્ને જણાએ રાજીનામાં આપી દીધા છે, અને વહીવટી તંત્ર હજુ પણ ઉપેક્ષા કરશે તો પંચાયતના તમામ સદસ્યો રાજીનામાં આપી દે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આ ગ્રામ પંચાયતને ધારાસભ્ય કે સાંસદ તરફથી એક પણ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી, જીલ્લા તાલુકા પંચાયતની ઘોર બેદરકારી અને ઉપેક્ષાના ના કારણે પશુડા ગામનો વિકાસ રૂંધાઈ ગયો છે.

પશુડા ગ્રામ પંચાયત અલગ બન્યા પછી સરકાર તેમજ વહીવટી તંત્ર આ ગામથી ઓરમાયું વર્તન રાખે છે, ૩ વર્ષ થયા છતાં આજ દિવસ સુધી ગ્રામ પંચાયતનું મકાન પણ બનેલ નથી, પશુડા ગ્રામ પંચાયતની નાણાપંચની ગ્રાન્ટ ખાતામાં જમા થયેલ હોવા છતાં કોઈ કામગીરી થઇ શકતી નથી. કારણ કે આ ગ્રામ પંચાયતને નાણાપંચ માટે જે કોડ મળવો જોઈએ તે પણ મળેલ નથી, તે આઈ.ડી. નહીં હોવાને કારણે કોઈ કામગીરી થઈ શકતી નથી. આ બાબતે જીલ્લા પંચાયત પૂર્વ વિપક્ષ નેતા વી.કે.હુંબલે અવારનવાર જીલ્લા પંચાયતમાં રૂબરૂ રજૂઆત કરેલ છે, જીલ્લા પંચાયતનો એક જ જવાબ હોય છે અમે આ પ્રોસીજર કરી ઉપલા લેવલે ગાંધીનગર અને દિલ્હી સુધી મોકલાવેલ છે. તેની આઈ.ડી.આવી જશે ત્યારે જ આ ખાતાનું લેવડદેવડ કરી શકાશે. કચ્છની આવી અનેક પંચાયતોમાં નાણાપંચની ખાતામાં ગ્રાન્ટ પડી હોવા છતાં કામગીરી થતી નથી. જે ખુબ જ ગંભીર બાબત છે. બીજી નવાઈની વાત એ છે કે પશુડા ગ્રામ પંચાયતને વી.સી.ઈ. આઈ. ડી.અને ઈ-ગ્રામ સેન્ટર પણ મળેલ નથી, જેના કારણે ગ્રામજનોને ૨૫ કી.મી. દુર છેક અંજાર સુધી આવક કે જાતિના દાખલા કે બીજી કામગીરી માટે દોડવું પડે છે. પંચાયતમાં તપાસ કરતા જાણવા મળેલ કે, આ આઈ.ડી. તો જ મળે જો ગ્રામ પંચાયતનું પોતાનું મકાન હોય, પરંતુ આજ દિવસ સુધી ગ્રામ પંચાયતને મકાન નથી મળ્યું તો તેની જવાબદારી તંત્રની નથી ? પ્રથમ વખત બનેલી ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ઉપસરપંચને તંત્રના ત્રાસથી અંતે રાજીનામું આપી દેવું પડેલ છે જે ખુબ જ ગંભીર બાબત છે. આ વિસ્તારના જીલ્લા પંચાયત સભ્ય દ્વારા વિકાસકામો મંજુર કરવામાં આવેલ હોવા છતાં વિકાસકામો તો ઠીક સામાન્ય ગટર કે પાણીની સમસ્યા હોય તો તે કામગીરી પણ કરી શકાતી નથી. અને તલાટી પાસે ૩ ગામનો ચાર્જ હોવાથી લોકોને મુશ્કેલીઓ પડે છે.

પશુડા ગામની સમસ્યાઓના નિરાકરણ માટે તાલુકા જિલ્લા પંચાયત હરકતમાં આવે અને સમસ્યાઓનો અંત લાવે નહિતર આવનાર દિવસોમાં પંચાયતના તમામ સદસ્યો પણ ત્રાસીને રાજીનામાં આપે તેવી પરિસ્થિતિ ઉભી થયેલ છે, તાત્કાલિક ધોરણે પશુડાને આઈ.ડી પાસવર્ડ મળે, નાણાપંચના કામો થાય અને ધારાસભ્ય સાંસદ પણ આ ગામને પોતાના ફંડમાંથી ગ્રાન્ટ ફાળવે તેવી અપીલ કરાઈ છે. આ ગામ સરકારની તમામ યોજનાઓથી વંચિત છે. જેથી હાલ ભીમાસર ગ્રામ પંચાયત મારફતે દાખલા, પ્રમાણપત્રો, જેવી સુવિધામાં મદદ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. જયારે અલગ ગ્રામ પંચાયત બને છે ત્યારે નિયમ મુજબની તમામ સગવડો ગામ લેવલે મળે, પંચાયત ભવન બને, વી.સી.ઈ. નું નિરાકરણ આવે તે બાબતે વી.કે.હુંબલ દ્વારા વહીવટી તંત્રને જાણ કરી રજૂઆતો કરાઈ છે પરંતુ ગતિશીલ ડબ્બલ ઈંજીન સરકારમાં વરસો પછી પણ કોઈ નિવેડો નથી આવતો.

વડોદરામાં ચોથી સ્ટેટ રેંકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીધામ, ૧૧

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ ટેબલ ટેનિસ એસોસિયેશન ડિસ્ટ્રિક્ટ (ટીટેએબીડી)ના ઉપક્રમે ૧૧થી ૧૪મી જુલાઈ દરમિયાન વડોદરાના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે આઈઓસીએલ ચોથી ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૪નો ગુરુવારથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સ્થાનિક ખેલાડી અને મેન્સ કેટેગરીમાં બીજો ક્રમાંક ધરાવતો પ્રથમ માદલાણી સ્ટેટ રેંકિંગમાં મોખરે પહોંચવા અને શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરવા માટે રમશે.

આ ટુર્નામેન્ટના ટાઈલ સ્પોન્સર્સ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (આઈઓસીએલ) છે જ્યારે GAIL અને બેંક ઓફ બરોડા તેના કો-સ્પોન્સર છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને યુટીટીનો આ ટુર્નામેન્ટને સહકાર સાંપડેલો છે. સ્ટિગા ઈક્વિપમેન્ટ પાર્ટનર છે અને વીએસપીએફ વેન્યૂ પાર્ટનર છે.ટુર્નામેન્ટ માટે આયોજકોને ૬૦૮ એન્ટ્રી મળી છે. મેન્સ કેટેગરીમાં પ્રથમ માદલાણીને મોખરાના ક્રમના ચિત્રાક્ષ ભટ્ટ અને બીજા ક્રમના જયનિલ મહેતાના પડકારનો સામનો કરવાનો રહેશે.વિમેન્સ કેટેગરીમાં મોખરાના ક્રમની ફિલઝાહ ફાતીમા કાદરી સંયુક્ત મોખરાના ક્રમની ક્રિત્વિકા સિંહા રોયની ગેરહાજરીમાં ફેવરિટ છે. કાદરીની નજીકની હરીફ ત્રીજા ક્રમની ઓઈશિકી જોઆરદાર, રાધાપ્રિયા ગોયેલ અને ફેનાઝ છિપીયા રહેશે.

પ્રથમ ઉપરાંત વેદ પંચાલ અને મહેક શેઠ જેવા સ્થાનિક ખેલાડીઓ પણ આ ટુર્નામેન્ટ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર રહેશે.ટીટીએબીડીના પ્રમુખ જયા ઠક્કરે જણાવ્યું હતું કે ટુર્નામેન્ટ દરમિયાન તમામ ખેલાડીને અનુકૂળ આવે તેવી તમામ સવલત અહીં આપવામાં આવશે.ટીટીએબીડીના સેક્રેટરી કલ્પેશ ઠક્કરે આ વખતે જંગી સંખ્યામાં આવેલી એન્ટ્રી અંગે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ્ય રમતને પ્રમોટ કરવાનો છે. ખેલાડીઓ માટે ઉચ્ચકક્ષાના ઈક્વિપમેન્ટ પૂરા પાડવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું

મુન્દ્રામાં ૧૬ લાખની વીજચોરી ઝડપાઈ

મુન્દ્રા : પાવર લોસના મુદ્દે હાલ કચ્છના ઘણા વિસ્તારોમાં વીજ સમસ્યાનો સામનો કરી રહ્યુ છે તે વચ્ચે આજે મુન્દ્રા શહેર તેમજ જીઆઈડીસીમાં પીજીવીસીએલ ની વિજિલન્સ ત્રાટકી હતી અને ૭વીજ ચોરી ના કેસો ઝડપી ૧૬લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો જામનગર અને મોરબી વિજિલન્સ કોર્પોરેટની ૬ ટીમો મુન્દ્રા આવી હતી અને વિવિધ વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધર્યું હતું કાર્યવાહી બાદ મુન્દ્રા પીજીવીસીએલ કચેરી મુન્દ્રા - વિભાગના નાયબ ઈજનેર મહેશ મોદી એ જણાવ્યું હતું કે રહેણાંક અને કોમેર્સિયલ સ્થળો પર અંદાજે ૫૫ જેટલા સ્થળે ચેકિંગ હાથ ધરી જેમાં ૭ કેસો માં વીજ ચોરી પકડાતા ૧૬લાખ રૂપિયા નો દંડ ફટકારવામાં આવ્યો છે.

ભુજમાં ગુરુ ભગવંતોના ચાતુર્માસ પ્રવેશે સામૈયામાં ભાવિકો ઉમટ્યા

ચાતુમાર્સ એ આત્માના સૌંદર્યને ખિલવવાની મોસમ છે

ભુજ તા.૧૧

અહીંના આરાધના ભવન જૈન સંઘના આંગણે ૨૦ વર્ષની પ્રતીક્ષા બાદ સુવિશાલ ગચ્છાધિપતિ અધ્યાત્મનિષ્ઠ આ.ભ.શ્રીમદ વિજયકલ્પતરૂ સૂરિશ્વરજી મ.સા.ની અનુજ્ઞાથી આ.ભ.શ્રીમદ વિજયતીર્થભદ્ર સુરિશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિવર્ય તીર્થતિલકવિજયજી મ.સા. આદી ઠાણા-૫ તથા સાધ્વી ચંદ્ર કિરણાશ્રીજી મ.સા., વિશ્વદર્શનાશ્રીજી મ.સા. આદી ઠાણા-૧૧ મળી ૧૬ સાધુ સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ નિશ્રા પ્રદાન કરવા ભુજ પધારતાં સંઘના ઉપક્રમે ભવ્ય સામૈયા સહિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

સામૈયાના પ્રારંભે સંઘની કુંભ કળશધારી બહેનોએ ગહુલી કરી અક્ષત વડે ગુરુદેવોને વધાવ્યા હતા, આ અવસરે જગતશેખર વિજયજી મ.સા. એ પોતાના શિષ્યવૃંદ સાથે નિશ્રા પ્રદાન કરી હતી, સામૈયું દાદાવાડી થઈ બોર્ડિંગ હોલ સંકુલમાં પહોંચ્યું હતું, જ્યાં ખીચોખીચ સમિયાણામાં ધર્મસભામાં સામુહિક ગુરુ વંદના દલીચંદ મહેતાએ કરાવી હતી, નાની બાલિકાઓએ સ્વાગત ગીતથી ગુરુદેવો અને મહેમાનોને આવકારી સંવાદ રજુ કર્યો હતો.

સંઘના મેનેજીંગ ટ્રસ્ટી કમલ મહેતાએ સૌને આવકાર આપી, ૩૨૦૦ કિલોમીટરનો ઉગ્ર વિહાર કરી ચેન્નઈ, મુંબઈ થઇ ખૂબ મુશ્કેલીઓ વેઠી ભુજ સંઘને ચાર્તુમાસ આપવા બદલ ગુરુદેવોનો આભાર માન્યો હતો. માનદ મંત્રી ધીરજલાલ મહેતાએ આગામી કાર્યક્રમોની રૂપરેખા આપી દરેકને તન મન ધનથી આરાધનામાં જોડાવા આહવાન કર્યું હતું. પ્રખર પ્રવચનકાર જગતશેખર વિજયજી મ.સા.એ વાગડ સમુદાયની વિરલ ઘટનાઓને યાદ કરી ગુરુ ઋણ મુક્તિના અવસરે ચાર્તુમાસ જીનવાણીનો એક શબ્દ પણ નહીં ગુમાવવા શીખ આપી હતી. મુનિવર્ય તીર્થતિલકવિજયજી મ.સા. એ ચાતુર્માસએ આત્માના સૌંદર્યને ખિલવવાની મોસમ છે તેવું જણાવી સાધનામાં વીરતા ફોરવવાનું આહવાન કર્યું હતું.

ચાતુર્માસ દરમ્યાન સંઘ સમક્ષ વાંચના કરવા માટે 'હૃદય પ્રદિપ' ગ્રંથ વહોરાવવાનો લાભ માતુશ્રી દિવાળીબેન મણીલાલ મહેતા પરિવારે અને કામળી વહોરાવવાનો લાભ હિરાચંદ લાલચંદ ગઢેચા પરિવારે લિધો હતો, પ્રભાવથી ૭૨ દિવસીય તપમાં જોડાવા માટે ૧૦૮ લોકોએ પાસ લિધા હતા, મૈસુર, બેંગ્લોર તથા વાગડના સંઘોના હોદેદારો આ અવસરે બહોળી સુંખ્યામાં ઊપસ્થિત રહ્યા હતા. ચાતુર્માસ પ્રવેશોત્સવને સફળ બનાવવા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી કમલ મહેતાના નેતૃત્વમાં મંત્રી ધીરજ મહેતા, સંઘના હોદેદારો, ટ્રસ્ટી મંડળ, યુવાનો, ગુરુભક્ત ભાવિકોએ જહેમત ઉઠાવી હતી, સંચાલન દીપક કોઠારી અને આભાર દર્શન ધીરજ મહેતાએ કર્યું હોવાનું મીડિયા કન્વીનર વી.જી. મહેતાની યાદીમાં જણાવાયું હતું.

કચ્છ યુનિ. દ્વારા વિધાર્થીઓનું કૌશલ્ય વધારવા વોકેશનલ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા એમ.ઓ.યુ

ભુજ તા.૧૧

કચ્છ યુનિ. ભુજ અને ગીવ વાચા ફાઉન્ડેશન, (અંજાર) વચ્ચે કચ્છના વિદ્યાર્થીઓનું કૌશલ્ય અને રોજગારલક્ષી ક્ષમતા વધારવા માટે વોકેશનલ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા માટે એમઓયુ સાઈન કરાયા છે. આ એમઓયુ નવીન વોકેશનલ કોર્સોને પ્રારંભ કરવાના સહયોગી પ્રયાસનું પ્રતીક છે,જેમાં બિઝનેસમાં સોશિયલ મીડિયા, સંગીત નિર્માણ, ફિલ્મ નિર્માણ ભગવદ્ગીતા ઇન મેનેજમેન્ટ સંગીત થેરેપી, વગેરે કેટેગરીનો સમાવેશ થાય છે. આ કોર્સો વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં ફળીભૂત થવા માટે જરૂરી કુશળતાથી વિદ્યાર્થીઓને સજ્જ કરશે. ગીવ વાચા ફાઉન્ડેશન સાથેના સહયોગથી, કેએસકેવી કચ્છ યુનિવર્સિટી પરંપરાગત શિક્ષણ અને આધુનિક ઉદ્યોગની માંગણીઓ વચ્ચેનો ગેપ પૂરવાનું લક્ષ્ય રાખે છે.

ન્યુયોર્કમાં આંતરરાષ્ટ્રિય સહકારીતા ઈન્વેટમાં દિલીપ સંઘાણી છવાયા

અમરેલી.તા.૧૧

આંતરરાષ્ટ્રિય સહકારીતા વર્ષ અતર્ગત ન્યુયોર્ક ખાતે ઈવેન્ટમાં ભારતીય પ્રણાલીને છાજે તેવા દિલીપ સંઘાણીના પ્રભાવશાળી સંબોધને ભારતીય સહકારીતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને પ્રણાલીને છાજે તેવું અર્થપૂર્ણ અને અસરકારક સહકારીતા વિષય ઉપર જુસ્સાદાર સંબોધનમાં સહયોગની પ્રતિતિ મીટીંગમાં ભાગ લઈ રહેલા સૌ કોઈને શ્રી સંઘાણીએ કરાવી હતી.

આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ ઉજવણી અંતર્ગત ન્યુયોર્ક ખાતે વૈશ્વિક સહકારી મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજાયેલ કાર્યક્રમમાં આઈસીએ - એપીના પ્રમુખ ડો.ચંદ્રપાલસિહ યાદવ, નાફેડના ભૂતપૂર્વ પ્રમુખ ડો. બિજેન્દ્રસિહ, નાફેડના પ્રમુખ જેઠાભાઈ ભરવાડ, નાફસ્કોબના એમ.ડી. ડો.ભીમા સુબ્રમણ્યમ્, યુએનસોશ્યલ ઈકોનોમી કાઉન્સિલના પ્રમુખ પૌલા ઓઝડા, મલ્લીકા કુમાર, ગુજરાત મહિલા કેડીટ સોસાયટીના પ્રમુખ ગીતાબેન સઘાણી, ઈફકોના જોઈન્ટ જનરલ મેનેજર સંતોષકુમાર શુકલા સહિત વિશ્વના ખુણેખુણેથી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનુ સચાલન કુ.સીમેલ એસીમ, મેચ્યુ કોગનેક દ્વારા કરવામા આવેલ હતુ, આતર-રાષ્ટ્રિય સહકારીતા વર્ષની ઉજવણી સમયે ન્યુયોર્ક ખાતે શ્રી સંઘાણીના પ્રભાવશાળી સબોધને ભારતીય સહકારીતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન નિર્મિત સ્વામિનારાયણ મંદિર, સિકાકસ ખાતે આચાર્ય સ્વામી મહારાજ પધારતાં ભવ્ય સ્વાગત કરાયુ સાથે ધાર્મીક કાર્યક્રમો સાથે અમેરિકાના ૨૪૮ માં સ્વતંત્રતા દિનની ઉજવણી કરાઈ

સિકાકસ ખાતે આચાર્ય સ્વામીનુ ભવ્ય સ્વાગત

ભુજ તા.૧૧

દેશ-વિદેશમા ધાર્મીક કાર્યક્રમો,મંદિર નિર્માણ સહિતની પ્રવૃતિઓ હાલમાં ચાલી રહી છે. ત્યારે મણિનગર શ્રી સ્વામિ નારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજ સંતમંડળ સહિત અમેરિકાના ન્યૂ જર્સી રાજયના સિકાકસ મંદિરે પહોંચતા મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડની મધુર સુરાવલીઓ સહિત હરિભક્તોના સમૂહ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

અમેરિકાના ૨૪૮ માં સ્વતંત્રતા દિનની પણ મહારાજના સાનિધ્યમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.બાળકો દ્વારા નૃત્ય, સંગીત, રાષ્ટ્રગીત વિગેરેના કાર્યક્રમો યોજાયા હતા.

સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિ નારાયણ મંદિર ડેલાવરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો દશાબ્દી મહોત્સવ પણ પરમ ઉલ્લાસભેર સાથે મહાપુજા, રાસોત્સવ, ષોડશોપચારથી પૂજન, અર્ચન, પાટોત્સવવિધિ, ધ્વજારોહણ, અન્નકૂટ, રક્તદાન શિબિર વિગેરે આધ્યાત્મિક સભર કાર્યક્રમો પણ યોજાયા હતા.

આચાર્ય સ્વામીએ આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મનુષ્યે ત્રિવિધ તાપથી બચવા માટે ભગવાનની કથાવાર્તા,ભજન કરવું અનિવાર્ય છે. મહોત્સવનો લાભ દેશ વિદેશના હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક લીધો હતો.કેન્યા,અમેરીકા સહિત હાલ દેશ-વિદેશમા આવેલા અન્ય મંદિરોમાં સંતમંડળો સાથે વિવિધ ધાર્મીક કાર્યક્રમો ઉજવાઇ રહ્યા છે જેમા ભક્તો ભાવથી ભાગ લઇ રહ્યા હોવાનુ મહંત સદ્ગુર ભગવત્પ્રિયદાસ સ્વામીએ જણાવ્યુ હતુ.

અંતે રાપર પાલિકાએ રખડતા ઢોરો પકડવાની કામગીરી હાથ ધરી

અનેકના ભોગ લેવાયા પછી નગરપાલિકા જાગી ખરી

રાપર તા.૧૧

સમગ્ર ગુજરાતમાં રખડતા ઢોરો અને આખલાઓનો ત્રાસ વધી ગયો છે, ત્યારે રાજ્યભરમાં મહાનગર પાલિકા અને નગરપાલીકા દ્વારા રખડતા માલિકીના ઢોરો, તથા રખડતા આખલાને પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેરમાં પણ રખડતા ઢોરો અને આખલાઓનો ત્રાસ ઘણાં સમયથી વધી ગયો છે, અત્યાર સુધી સાતેક જેટલા લોકો રખડતા ઢોરો અને આખલાની હડફેટે આવી જવાથી મોતને ભેટયા છે, અને અનેક લોકો ઘાયલ થયા છે, પરંતુ નગરપાલિકાએ જે તે સમયે કોઈ પરિણામલક્ષી કામગીરી કરી ન હતી, અનેક લોકોએ જીવ ગુમાવ્યા પછી હવે રાપર નગરપાલિકાના વહિવટદાર અને મામલતદાર શિવાભાઈ રાજપૂતના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા ઢોરો અને આખલાઓ પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, આ અંગે રાપર નગરપાલિકાના ચીફ ઓફિસર રવાજી જાડેજાએ જણાવ્યું હતું કે, રાપર શહેરમાં રખડતા ઢોરો અને આખલાઓને પકડવાની ઝુંબેશ હાથ ધરાઈ છે, જે શહેરના મુખ્ય બજાર આથમણા નાકા અયોધ્યાપૂરી સલારી નાકા તથા શહેરની લગભગ તમામ ગલીઓમાં રખડતા આખલા અને ઢોરોને પકડવાની કામગીરી શરૂ કરી અત્યાર સુધી ૨૩૬ જેટલા આખલાઓ, રખડતા ઢોરોને પકડી પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા છે, ઉપરાંત માલિકીના ઢોરોને પણ પકડી માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

નગરપાલિકાના કાનજી ડોડીયા, શંકર ઝાલા, રાજુભાઇ કોલી શૈલેષ ઝાલા સહિતની ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે, શહેરમાં શાળા કોલેજ મંદિર મસ્જિદ પાસે રખડતા ઢોરો પકડવાની કામગીરી કરવા આવશે, ઉપરાંત ઘાસ ચારો વેચાણ કરતા વેપારીઓ સામે પણ હવે કડક પગલાં લઈ શહેરની હદમાં ઘાસચારો વેચાણ પર કડક પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે, આગામી દિવસોમાં મોડે મોડે જાગેલા સુધરાઈ તંત્રએ શહેર રખડતા ઢોરો મુકત બનાવવાની નેમ વ્યક્ત કરી છે, જોવાનું રહે છે કે હકિક્તમાં આ નેમ પુરી થાય છે કે નહીં.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

આજે પેપર બેગ ડે : સમગ્ર વિશ્વ પ્લાસ્ટિકના પ્રદૂષણથી પરેશાન !

દર વર્ષે પેપર બેગ ડે ૧૨ જુલાઈએ મનાવવામાં આવે છે. આજના સમયમાં લોકો પ્લાસ્ટિકનો વધુ ઉપયોગ કરવા લાગ્યા છે. જે આપણા પર્યાવરણ માટે નુકસાનકારક છે. આ દિવસને મનાવવાનો મુખ્ય હેતુ છે, પર્યાવરણ માટે પ્લાસ્ટિક બેગની તુલનામાં પેપર બેગના ઉપયોગના ફાયદા વિશે લોકોને જાણકારી આપવી તેવો છે. ફ્રાંસિસ વોલે નામના અમેરિકી આવિષ્કારકે ઈ.સ.૧૮૫૨માં પહેલી વખત પેપર બેગ મશીન બનાવ્યુ હતુ.

જે બાદ ઈ.સ.૧૮૭૧ માં, માર્ગરેટ ઈ.નાઈટે ફ્લેટ-બોટમ પેપર બેગ બનાવવા માટે વધુ એક મશીન બનાવ્યુ હતુ. તે સમયે તેનુ નામ કરિયાણાની થેલી તરીકે પ્રચલિત થયુ.આ પેપર બેગનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવવા લાગ્યો. ઈ.સ. ૧૮૮૩ અને ૧૯૧૨માં ચાર્લ્સ સ્ટિલવેલ અને વાલ્ટર ડ્યૂબનેરે શ્રેષ્ઠ પેપર બેગ ડિઝાઈન કરી.આ દિવસને મનાવવાનો મુખ્ય હેતુ એ છે કે પ્લાસ્ટિકના બદલે પેપર બેગનો ઉપયોગ કરવા માટે લોકોને જાગૃત કરવા.

જાણ્યું અજાણ્યું
ડ્રો.મિહિર એમ.વોરા

અત્યારે લોકો પ્લાસ્ટિકનો વધુ ઉપયોગ કરે છે, જેના કારણે પ્રદૂષણ વધતુ જઈ રહ્યુ છે, જેનાથી ગંભીર બીમારીઓનો ભોગ બનાય છે.પેપર બેગના ફાયદા જોઈએ તો પેપર બેગ બનાવવામાં ઓછી ઉર્જાનો વપરાશ થાય છે,આ પર્યાવરણ માટે નુકસાનકારક હોતુ નથી,ખાતર બનાવવા માટે પેપર બેગનો ઉપયોગ કરવામાં આવે છે.,પેપર બેગને રિસાઈકલ કરી શકાય છે.આ દિવસ મનાવવાનો હેતુ પ્લાસ્ટિકના કચરાનો ઘટાડવામાં મદદ કરવા માટે પ્લાસ્ટિકની જગ્યાએ પેપર બેગનો ઉપયોગ કરવામાં જાગરૂકતા ફેલાવવાનો છે. પેપર બેગ હાનિકારક પ્લાસ્ટિકની થેલીઓની જગ્યાએ વપરાશમાં લઈ શકાય તેવો પર્યાવરણને અનુકૂળ વિકલ્પ છે. પ્લાસ્ટિકનું વિઘટન થવામાં હજારો વર્ષ વીતી જાય છે અને તે જીવ-જંતુઓ માટે પણ ઘણુ નુકશાનકારી છે.

સમુદ્રમાં પ્લાસ્ટિકનો કચરો જમા થઈ રહ્યો છે, જેનાથી માછલીઓનું મૃત્યુ થઈ રહ્યુ છે. તેને લઈને ઘણીવાર વૈજ્ઞાનિકો દ્વારા ચેતાવણી આપવામાં આવી છે કે વર્ષ ૨૦૫૦ સુધીમાં સમુદ્રમાં માછલીઓ જેટલો જ પ્લાસ્ટિકનો કચરો જમા થઈ જશે. આજે સમગ્ર વિશ્વ પ્લાસ્ટિકના પ્રદૂષણથી પરેશાન છે. આ જ કારણે આ દિવસનું મહત્વ વધી જાય છે.

આ દિવસે મોટાભાગે લોકો પેપર બેગ દ્વારા જ વસ્તુઓની આપલે કરીને પ્લાસ્ટિકના ઉપયોગને બંધ કરવાના પ્રયત્નો કરતા હોય છે. આ દિવસે પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળવા માટે લોકોને જાગરૂત કરવામાં આવે છે. અમેરિકાના ફ્રાન્સિસ વોલેએ વર્ષ ૧૮૫૨માં પ્રથમ પેપર બેગ મશીનની પેટન્ટ રજીસ્ટર કરાવી હતી.મધર ઑફ ધ ગ્રૉસરી બેગ માર્ગરેટ ઈ નાઈટે વર્ષ ૧૮૭૦માં ચોરસ, ફ્લેટ બોટમ બેગ બનાવી અને તેમણે એક મશીન બનાવી જેનાથી આ પ્રકારની બેગ બનાવી શકાય છે.ત્યારબાદથી વિશ્વભરમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાવવાની માંગણીને લઈને પ્રદર્શન કરવામાં આવ્યા અને લોકોએ પણ આ બાબતનું મહત્ત્વ સમજ્યું. હવે કેટલાય લોકોએ પ્લાસ્ટિકની જગ્યાએ પેપર બેગનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે.

જેનો ફરીથી ઉપયોગ કરવાની સાથે જ તેને રી-સાઈકલ પણ કરી શકાય છે. તે બાયોડિગ્રેડેબલ છે, તે પ્રમાણમાં વધારે વજન ઉઠાવી શકે છે અને તેને સાચવવું પણ સરળ હોય છે. પેપર બેગ ૧૦૦ ટકા રી-સાઈકલ કરી શકાય છે અને તેનું માત્ર એક મહિનાની અંદર વિઘટન થઈ શકે છે. એક પેપર બેગમાં લગભગ ૧૦-૧૪ જેટલો સામાન મુકી શકાય છે અને પેપર બેગ્સ ઘણી મજબૂત હોય છે. પ્લાસ્ટિક બેગની સરખામણીમાં પેપર બેગ બનાવવામાં ઓછી ઊર્જા વપરાય છે. પેપર બેગ પાલતૂ પ્રાણીઓ તેમજ અન્ય પશુઓ માટે પણ સુરક્ષીત હોય છે. પેપર બેગનો ઉપયોગ ખાતર બનાવવા માટે પણ કરી શકાય છે.ભારતમાં-ગુજરાતમાં અદાલતે પ્લાસ્ટીકના ઉપયોગ પર ચોક્કસ નિયમો બહાર પાડ્યા છે છંતા લોકો તેનો ઉપયોગ કરે છે. સામાજીક સંસ્થાઓ દ્વારા લોકોને જાગૃતિ માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે જેથી પ્લાસ્ટીક બેગ નહી પરંતુ લોકો કાગળની બેગનો ઉપયોગ કરતા થાય

કચ્છમા આવેલા કોંગ્રેસ પ્રભારી એ કહ્યુ ગુજરાતમાં સત્તા પરિવર્તન કરીને જંપીશુ

કચ્છના ગાંધીધામમાં કારોબારી બેઠકમા ભાગ લેવા આવેલા પ્રભારી મુકુલ વાંસનીક એ કહ્યુ કોંગ્રેસે આઝાદીની લડાઈ સત્તા માટે નહીં પરંતુ સંવિધાન થઈ દેશ ચાલે તે માટે લડીને બલિદાનો આપ્યા હતા કચ્છને સાંકળતા પ્રશ્નો બાબતે વિવિધ ઠરાવો કરી ભાજપને સત્તાસ્થાનેથી દૂર કરવા રણનીતિ ઘડાઈ

ગાંધીધામ, ૧૧

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીનું ગુજરાતમાં ભાજપને હરાવવાના નિવેદન બાદ કોંગ્રેસપક્ષે ભાજપને ગુજરાતમાંથી હટાવી કોંગ્રેસનું શાસન લાવવાની દિશામાં કામગીરી આરંભી દીધી છે જેના ભાગરૂપે ગુજરાત ના પ્રભારી, રાજ્યસભા સાંસદ અને રાષ્ટ્રીય કોંગ્રેસના મહાસચિવ મુકુલ વાંસનીકે તમામ જિલ્લાઓમાં કાર્યકરોમાં જોમ અને જુસ્સો આપવા પ્રવાસ ખેડ્યો છે જે અતર્ગત કચ્છ જિલ્લાની વિસ્તૃત કારોબારી બેઠક રોટરી ભવન ગાંધીધામ મધ્યે જિલ્લા પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને તથા સહ પ્રભારી ગુજરાત બીએમ સંદીપ વિપક્ષી ઉપનેતા ગુજરાત વિધાનસભા, શૈલેષ પરમાર જિલ્લા પ્રભારી, નુસરત પંજા, તથા પ્રદેશ ઉપ-પ્રમુખ બલદેવ લુણી તથા પંકજ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મળી હતી આ બેઠકમાં સંબોધન કરતા વાસનીકે ગુજરાતમાં પરિવર્તન લાવી રાહુલ ગાંધીના સંકલ્પને આગળ વધાવવા કામે લાગી જવા ઉપરાંત ઉતર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં જો કોંગ્રેસ વધુ બેઠકો મેળવી શકે તો ગુજરાતમાં કેમ નહીં?? તેવો સવાલ કરી કાર્યકરોનો જુસ્સો વધાર્યો હતો સાથે તમામ કાર્યકરોએ પોતાના અંતરઆત્મા અને કોંગ્રેસ પક્ષ પ્રત્યેની નિષ્ઠાને ધ્યાનમાં રાખી કામગીરી કરવા અપીલ કરી હતી

કચ્છમાં આ પ્રશ્નો બાબતે લડત કરશે કોગ્રેસ

રોડ રસ્તામાં ગેરરીતી, સરહદ ડેરીમાં ભ્રષ્ટાચાર, મીઠા ઉદ્યોગને અન્યાય, પીવાના પાણીની સમસ્યા, બેફામ મોંઘવારી, ડ્રગ્સની હેરાફેરી, ડીમોલેશન, નગરપાલિકાઓના શાસનમાં નિષ્ફળતા, કાયદો વ્યવસ્થા વિગેરે બાબતે વિવિધ સર્વાનુમતે ઠરાવો પસાર કરી આગામી દિવસોમાં લડત કાર્યક્રમ ચલાવવા આયોજન કર્યું હતું સ્થાનીક કાર્યકરો આગેવાનોએ રાષ્ટ્રીય પ્રભારી સમક્ષ સંગઠનાત્મક સૂચનો કર્યા હતા. મિટિંગમાં કોંગ્રેસ પરિવારના વેજી ગણેશા ઉંદરીયા, રાજી હરિ પટેલ, મોહન શાહના દુઃખદ નિધન થતા બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. બેઠકમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા અને કારોબારીમાં કોગ્રસના કચ્છભરના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હોવાનુ કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા ગનીભાઈ કુંભાર દ્વારા જણાવાયું છે

ઉપરાંત કોંગ્રેસના દિવાંગત નેતાઓ ગાંધી, નહેરુ મોલાના,સરદાર વિગેરે આઝાદીની લડાઈ સત્તા માટે નહીં પરંતુ સંવિધાનથી દેશ ચાલે તે માટે લડેલ અને આઝાદીના વાતાવરણમાં પ્રજા જીવન જીવી શકે તે માટે લડીને બલિદાનનો આપ્યા હતા જેથી સંવિધાનના રક્ષણ માટે દરેક જિલ્લા કક્ષાએ સંવિધાનના સન્માન તથા સંવિધાનના આમુખની ઘેર ઘેર પ્રત પહોંચાડીને સંવિધાનના રક્ષણ માટે કામે લાગી જવા અનુરોધ કર્યો હતો સહપ્રભારી બી.એમ. સંદીપે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના વિજયથી વિધાનસભા અને લોકસભા જીતીશું તેઓ આશાવાદ વ્યક્ત કર્યો હતો જિલ્લા પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા, વિરમ ગઢવી, રામદેવસિંહ જાડેજા, ભરત સોલંકી, ભરતલાલ ઠક્કર, ચેતન જોશી, જુમ્મા રાયમા, આદમ ચાકીએ સહિતનાએ રાહુલને લોકસભા વિપક્ષનેતા પદે નિમણૂક થતા રાષ્ટ્રીય નેતાગીરી નો આભાર માન્યો હતો.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

ઝડપી ચાર્જસીટ સાથે લવજેહાદના એન્ગલથી પણ તપાસ કરશે પોલીસ

કચ્છથી છોકરીઓને ભગાડી જઈ દુષ્કર્મ આચરનારા વિધર્મીઓ ગીરફતમાં

સુખપરના આરોપીને છેક બિહાર જઇ ઝડપી પડાયો માંડવી, ભુજ, માધાપર, નખત્રાણા અને રાજસ્થાનમાં નોંધાયેલી ફરિયાદોના આધારે તમામ આરોપીઓને પકડી પશ્ચિમ કચ્છ પોલીસનો ધાકબેસાડતો સપાટો



ભૂજ તા.૧૧

હાલમાં યુવતી અને ખાસ કરીને શગીર છોકરીઓને લલચાવી ફોસલાવી ભગાડી જવાના વધતા જતા બનાવોથી લોકોમાં ચિંતા વધી છે, બીજી તરફ આવા બનાવો અટકાવવા દુષ્કર્મ આચરનારાઓને પકડી પાડવા પોલીસ પણ સક્રિય થઈ હોય એમ છ અલગ ગુનામાં પશ્ચિમ કચ્છ પોલીસે અલગ અલગ ટીમો બનાવી સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી છે.જેની વિગતે વાત કરીએ તો ગત તા.૧૯/૦૫/૨૦૨૪ ના માંડવી પોલીસ સ્ટેશન ખાતે પોકસો એક્ટ તથા એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધાયેલ જેમાં આરોપી રજાક સીધીક સુમરા (રહે.બાગ તા. માંડવી) વાળો સગીરવયની છોકરીને લલચાવી ફોસલાવી ભગાડી જઈ તેના સાથે દુષ્કર્મ આચરેલ હોવાનો ગુનો દાખલ થેયેલ, પોલીસે સઘન તપાસ આદરી આરોપીને પકડી પાડી સગીર વયની મહિલાને મુકત કરાવી હતી.તો આવાજ એક અન્ય કિસ્સામાં ગઈ તા.૩૧/૦૫/૨૦૨૪ના ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પોકસો એક્ટ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ જેમાં આરોપી અભુ ભખર રમજુ સુમરા (રહે.બી.એસ.એફ. કેમ્પની પછળ, કોડકી રોડ, ભુજ) એ સગીરવયની છોકરીને લલચાવી ફોસલાવી ભગાડી લઈ જઈ તેના સાથે દુષ્કર્મ આચરેલ હોવાનો ગુનો દાખલ થેયેલ હતો તેને પકડી પાડી તેની પાસેથી સગીર વયની છોકરીને મુકત કરાવી હતી.તેવી રીતે ગઈ તા.૨૩/૦૬/૨૦૨૪ ના માધાપર પોલીસ સ્ટેશન ખાતે પોકસો ક-૩(એ) તથા એટ્રોસીટી એક્ટ ક-૩(૧) મુજબના નોંધાયેલ ગુનામાં આરોપી ઓસમાણગની સુલેમાન અબડા (રહે. ભખરીયા તા.ભુજ) વાળો પણ સગીરવયની મહિલાને લલચાવી ભગાડી લઈ જઈ તેની સાથે પણ દુષ્કર્મ ગુજારેલ આ આરોપીને પાંચ દિવસ ગુરા ગામ જંગલ વિસ્તારમાંથી પકડી પાડી સગીર વયની છોકરીને મુકત કરાવાઈ હતી.

આરોપીને પકડવા માટે પોલીસે શિકારીનો વેશ ધારણ કરી આ કાર્યવાહી કરી હતી. તો ગઈ તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આ પ્રકારનો ગુનો રજીસ્ટર થયેલ જેમાં આરોપી સલીમ અબ્દુલ જુણેજા (રહે. સુખપર તા.ભુજ) એ સગીરવયની છોકરીને ફોસલાવી ભગાડી જઈ તેના સાથે દુષ્કર્મ આચરેલ હોવાનો ગુનો દાખલ થેયેલ જેથી પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા તાત્કાલિક ટીમો બનાવી તપાસ કરી આરોપીને છેક બિહાર રાજયના પંચકોકડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જઈ પકડી પડાઈ હતી. પોલીસ દ્વારા વેશ પલટો કરી એરીયા કોમીનેશન કરી ફોટા તથા ટેકનોલોજી આધારે કરીયાણા તથા શાખભાજીની તેમજ મોબાઈલની દુકાનમાં સતત વોચ રાખી સ્થાનીક પોલીસની મદદથી તેને પકડી તેના પાસેથી સગીર વયની છોકરીને મુકત કરાવી હતી.

ઉપરાંત ચાલુ માસની તા.૩ ના નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર થયેલ જેમાં બે આરોપીઓ અનવર મામદ નોતીયાર (રહે. ધડાણી તા. નખત્રાણા) તથા મહેન્દ્ર વિશ્રામ સીજુ (રહે. વાલકાનાના તા. નખત્રાણા) એ પુખ્તવયની યુવતીને લલચાવી ફોસલાવી ભગાડી જઈ દુષ્કર્મ આચરેલ હોવાનો ગુનો દાખલ થયેલો જેમા બંન્નેને જબ્બે કરી મહિલાને મુકત કરાવી હતી, જયારે ગઈ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ જુરહરા પોલીસ સ્ટેશન રાજસ્થાન ખાતે રજીસ્ટર થયેલ ગુનામાં આરોપી સોયેબ ખરશીદ મીરાશી(રહે. જુરહરા, રાજસ્થાન) વાળો પુખ્તવયની મહિલાને લલચાવી ફોસલાવી ભગાડી ભુજ કચ્છ આવેલ હોવાની બાતમી આધારે પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ દ્વારા તાત્કાલિક ટીમો બનાવી તપાસ કરી આરોપીઓને પકડી તેની પાસેથી મહિલાને મુકત કરાવી આરોપીને રાજસ્થાન પોલીસને સોપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. અને અબડાસામાંથી ઝડપી લેવાયો હતો.

આમ મહિલાઓને લલચાવી ફોસલાવી ભગાડી જઈ તેઓની સાથે દુષ્કર્મ આચરનારા આરોપીઓને પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સીસ આધારે માહિતી મેળવી આરોપીઓને શોધી કાઢી મહિલાઓને મુક્ત કરાવી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પશ્ચિમ કચ્છ પોલીસે પ્રશંશનીય કામગીરી કરી હતી.

વાલીઓએ પણ જાગૃત થવું પડશે

કચ્છમાં સગીરાઓને નશાડી જવાના કે નાશી જવાના બનાવોમાં ઉછાળો આવ્યો છે, એક તારણ મુજબ શોસિયલ મીડિયા દ્વારા આવા સંપર્ક થતા હોય છે, અને ભેટ સોગાદ કે અન્ય કોઈ લાલચમાં આવી યુવતીઓ ફસાઈ જતી હોય છે, આવા સંજોગોમાં વાલીઓ તેમના સંતાનોની રોજીંદી ગતિવિધી પર નજર રાખે તે જરૂરી બન્યું છે, જોકે વાલીઓ સાથે દરેક સમાજ જાગૃત થાય તે સમયની માંગ છે, ઘટના બની ગયા પછી પોલીસ કદાચ દીકરી ને શોધી આપે પરંતુ પછી ભવિષ્યમાં કેવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે તે ચિંતા કરવાનો સમય તો ક્યારનો પાકી ગયો છે.જો કે આતો સંદેવનશીલ કહી શકાય તેવા બનાવો હતા પરંતુ પચ્છિમ કચ્છમાંજ થોડા સમયમા આવા અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાયેલા છે.

પોલીસ ઝડપી ચાર્જસીટ સાથે તપાસ કરશે

પોલીસે પકડેલા તમામ કિસ્સામાં એક વાત કોમન છે કે વિધર્મી યુવકો દ્વારા આ તમામ છોકરી-યુવતીને ભગાડી જવામા આવી છે. થોડા સમય પહેલાજ હિન્દુ સંગઠનોએ આ તમામ મામલામાં યોગ્ય તપાસ કરવા માટે પણ પોલીસને રજુઆત કરી હતી. ત્યારે આજે પચ્છિમ કચ્છના ઈન્ચાર્જ પોલીસવડાએ પત્રકાર પરિષદ સંબોધી હતી જો કે કચ્છમાં આ છ સિવાયના કેટલા કિસ્સાઓ સામે આવ્યા છે તે સંદર્ભે તેમની પાસે માહિતીનો અભાવ જોવા મળ્યો હતો. જો કે આ તમામ કિસ્સામા ચાર્જસીટ સહિતની ઝડપી કાર્યવાહી થશે તેવો વિશ્વાસ તેઓએ વ્યક્ત કર્યો હતો સાથે આ તમામ કિસ્સામાં લવજેહાદ જેવી કોઈ ઘટના પડદા પાછળ છે કે નહી તે દિશામા તેઓએ તપાસ અને કાયદો વ્યવસ્થાની સ્થિતીને ધ્યાને રાખી વધુ કાઈ કહેવાનો ઈકાર કર્યો હતો. પરંતુ તમામ એંગલથી પોલીસ તપાસ કરશે તેમ જણાવ્યુ હતુ

કનૈયાબે પાસે બે ઈસમો ચોરીના ટીવી સાથે ઝડપાયા

ભુજ તા.૧૧

કનૈયા બે પાસેથી ચોરી કે છળકપટથી મેળવેલ બે ટી વી સાથે બે ઈસમોને પધ્ધર પોલીસે ઝડપી પાડ્યા હતા, સબ.ઈન્સ એચ એમ ગોહિલના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબધી ગુનાઓ અનુસંધાને પધ્ધર પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રેટ્રોલીંગમા હતા તે દરમ્યાન નવા કનૈયાબે ગામ નજીક સહયોગ હોટલ પાછળ તળાવ પાસે આવેલ બાવળોની ઝાડીમાં ઈસમો ટી.વી.ઓ સાથે શકાસ્પંદ રીતે ઉભેલ જોવા મળેલા, ઈશભશા ઈસ્માઈલશા શેખ તેમજ ગફુરશા હનીફશા શેખ પાસે રહેલા સેમસંગ કંપનીના ટીવી નંગ-૨ બાબતે આધાર પુરાવાની માંગણી કરતાં કોઈ આધાર પુરાવા નહી હોવાનુ જણાવતા તેના કબ્જામાંથી સેમસંગ કંપનીના ૪૬ ઈંચના ટીવી-૨ કિં. રૂ.૧,૦૦,૦૦૦ કબ્જે કરી બંને ઈસમોની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. બંન્ને ઈસમો ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે તેમની સામે પદ્ધર પોલીસ મથકે અગાઉ પણ ગુના નોંધાયેલ છે.

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ૧૦ વ્યાજખોરોની ધરપકડ

કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર સહિત ૧૧ સામે કાર્યવાહી

ગાંધીધામ તા.૧૧

વ્યાજખોરો પર કાયદેસરની કાર્યવાહી કરી ૧૦ આરોપીઓની પૂર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પૂર્વ-કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા પ્રજા વચ્ચે પરસ્પર સંવાદનો હેતુ નિર્માણ કરવાના ઉદ્દેશથી લોકોપયોગીસકારાત્મકકામગીરીનાભાગરૂપેવ્યાજખોરીનુંદુષ્ણદુરકરીઆદુષણના પરીણામે ગંભીર બનાવોને બનતા અટકાવવા આવી પ્રવૃતિઓ કરતા આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તેમનાં ત્રાસમાં સપડાયેલા લોકો ભય કે એક યા બીજી રીતે પોલીસ સુધી પોતાની રજુઆત કરવા આવી શકતા નથી, આવા લોકો પોતાની રજુઆત નિર્ભયપણે કરી શકે તે હેતુથી ગાંધીધામ જિલ્લા પોલીસ દ્વારા લોકસંવાદ દ્વારા વ્યાજખોરો વિરુધ્ધ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં તા. ૨૧/૦૬/૨૦૨૪ થી આજ દીવસ સુધી કુલ ૧૩ ગુના દાખલ કરવામાં આવેલ છે જેમાં ૧૦ આરોપીઓ: રોહીત મગનભાઈ મશુરીયા મારાજ (રહે.જંગી), કમલેશ ગંગારામ પંડયા મુળ (રહે.માખેલ તા.રાપર હાલે અંજાર), મનીષ નવિન ઠકકર (રહે.વોંધ તા.ભચાઉ), ડાયાલાલ ખુમાણ દાફડા (રહે.વોંધ તા.ભચાઉ), રાજેશ વિનોદ દવે (રહે.મુળ સામખ્યારી હાલે રહે.વોંધ), સંદિપ ઉર્ફે સુરીયો લવજી રાઠોડ (રહે ભચાઉ), આસીફ ગની છુછીયા (રહે કિડાણા તા. ગાંધીધામ), રાજદિપસિંહ જાડેજા (રહે-કિડાણા), નિલેશ મહેશ્વરી (રહે મેઘપર બોરીચી તા.અંજાર), પ્રવિણ કરશન રાજપુત(રહે.ભીમાસર તા.રાપર) અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લાના ઉંચા વ્યાજદરોમાં સપડાતા લોકોને વિના સંકોચે નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પોલીસ દ્વારા જણાવવામા આવ્યું છે.

નાડાપામાં રેઈડ કરી ભુજ એલસીબીએ બાવળ ઝાડીમાં ચાર જુગારીઓને ઝડપી પાડ્યા

ભુજ તા.૧૧

તાલુકાના પધ્ધર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રોકડ રૂ.૫૮,૪૦૦ સાથે નાડાપા ચાર ઈસમોને જુગાર રમતા ભુજ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ, ભુજના પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.ચુડાસમા તથા સબ ઈન્સ્પેકટર ટી.બી.રબારીએ જુગારની બદી નાબૂદ કરવા માટે સ્ટાફને સુચના આપતા એ.એસ. આઈ, જયદિપસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા, નવિન જોશી, રાજેન્દ્રસિંહ રાઠોડ, શક્તિસિંહ ગઢવી, સુનીલ પરમાર તથા કોન્સ્ટેબલ પરબત ચૌધરી પધ્ધર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે નાડાપા ગામના સીમમાં આવેલ ડુકારીયા તળાવ પાસે સીમમાં બાવળોની ઝાડીઓની ઓથમાં અમુક હારજીતનો જુગાર રમી રહ્યા છે.

જેથી તુરત વર્કઆઉટ કરી બાતમી વાળી જગ્યાએ જઈ રેડ કરતા હરીભાઈ જેસા માતા, વાસણ ગોપાલ ડાંગર, હરીભાઈ નારાણ આહિર અને વાલાભાઈ હમીર માતા, રહે.તમામ નાડાપા જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પર રોકડ રકમ રૂ.૫૮,૪૦૦, મોબાઈલ -૪ રૂ.૨૦,૦૦૦, એક કાર રૂ.૫,૦૦,૦૦૦ અને ત્રણ મોટર સાયકલ રૂ.૫૦,૦૦૦ એમ કુલ્લ રૂ.૬,૨૮,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પદ્ધર પોલીસ મથકે આગળની કાર્યવાહી માટે સોંપ્યા હતા.

જવાહરનગરમાં ખુલ્લા વાડામાં જુગાર રમતા સાત ખેલીઓ ઝડપાયા

ભુજ તા.૧૧

પધ્ધર પોલીસ સ્ટેશન હેઠળ જવાહરનગર ગામેથી સાત જુગારીઓને પધ્ધર પોલીસે ઝડપી પાડ્યા હતા.

પધ્ધર પોલીસ સબ ઈન્સપેકટર એચ.એમ.ગોહિલની સુચના મુજબ પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન એ.એસ.આઈ. અશ્વિન સોલંકી તથા હેડ કોન્સ. મહેન્દ્રસિંહ જાડેજાને બાતમી મળેલ કે, જવાહરનગર ગામ બાજુએ રાણાસર ડુંગરની બાજુમા ખુલ્લા વાડામાં અમુક ઈસમો હારજીતનો જુગાર લાઈટના અજવાળે રમી રહેલ છે, જે બાતમી આધારે તુરત વર્ક આઉટ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા, રમેશ ગોપાલ ફફલ, રણછોડ પાંચા ચાડ, અનિલ રણછોડ ગાગલ, ધીરજ ભુરાભાઈ ગાગલ, ધીરજ ઉર્ફે લાલો ભુરાભાઈ ગાગલ, રમેશ પાંચા ચાડ અને પ્રવિણ રાણા કેરાશીયા (તમામ રહે. જવાહર નગર) ઝડપાઈ ગયા હતા જ્યારે હાથ નહીં આવેલા હરી રાધાભાઈ માતા, માવજી ભુરાભાઈ કેરાશીયા, મનજી ઉર્ફે મના ગોપાલ ગાગલ પકડવાના બાકી છે. આ રેઈડમાં આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૪૧, ૬૦૦, મોબાઈલ ફોન નં- ૦૭ કિ. રૂ. ૩૫, ૦૦૦, મોટર સાઈકલ નંગ- ૦૨ કિ. રૂા. ૬૦, ૦૦૦ એમ કુલ કિ. રૂ. ૧, ૩૬, ૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ હતી.